## ગિજુભાઈ-સન્માન-થેલી પ્રકાશનમાળા

સ્વ. ગિજુભાઈનાં લખેલાં બાલસાહિત્યમાં અનોખી ભાત પાડતાં પહેલી જ વાર પ્રસિદ્ધ થતાં સુંદર પુસ્તકો

| | |
|---|---|
| ઋતુઓના રંગ | ૦-૧૦-૦ |
| પ્રાણીપાઠો | ૦-૧૦-૦ |
| વનસ્પતિપાઠો | ૦-૧૦-૦ |

પ્રાથમિકશાળાના શિક્ષકોએ અને બાલકેળવણીમાં રસ ધરાવતા સૌએ ખાસ વાંચવા જેવું એક સુંદર પુસ્તક

| | |
|---|---|
| દિવાસ્વપ્ન | ૧-૦-૦ |

હવે પછી છપાશે.

ગિજુભાઈના પાઠો; આફ્રિકામાં; વગેરે વગેરે.

ગિજુભાઈ-સન્માન-થેલી પ્રકાશનમાળા પુસ્તક, ૩ જું

# વનસ્પતિપાઠો

卐

સ્વ. ગિજુભાઈ

ગિજુભાઈ–સન્માન–થેલી પ્રકાશનમાળા, પુસ્તક ૩જું

# વનસ્પતિપાઠો

લેખક :
સ્વ. ગિજુભાઈ

ગુજરાત બાળવિકાસ સંસ્થા
અમદાવાદ
કિંમત—૦-૧૦-૦

પ્રકાશક :
વજુભાઈ દવે
મંત્રી, ગુજરાત બાલવિકાસ સંસ્થા
જૂનું ટોળકનગર, અમદાવાદ

આવૃત્તિ-૧લી પ્રત-૬૭૫ જૂન, ૧૯૪૩

મુદ્રક :
મણિલક્ષ્મી ત્રિભુવનદાસ પટેલ
દેશબન્ધુ પ્રિન્ટિંગ પ્રેસ, આણંદ

# નિવેદન

★

ગિજુભાઈ-સન્માન-થેલી પ્રકાશનમાળાના ત્રીજા પુસ્તક તરીકે આ પુસ્તક પ્રસિદ્ધ થાય છે.

આ પુસ્તકમાં જુદા જુદા છોડ અને વૃક્ષોના ૨૯ પાઠો છે. આપણા બાલસાહિત્યમાં આ જાતનાં પુસ્તકો ઓછાં છે. વળી ગિજુભાઈ જેવા બાલસાહિત્યના સિદ્ધહસ્ત લેખકને હાથે તે લખાયેલું હોવાથી અમને ખાતરી છે કે એ પુસ્તક ખૂબ રસથી વંચાશે.

સ્વ. ગિજુભાઈનાં લખેલાં અપ્રગટ સારાં સારાં પુસ્તકો એક વાર પ્રસિદ્ધ થઈ જાય તો સારું એમ અમે માનીએ છીએ અને તેથી આ કામ અમોએ હાથમાં લીધું છે. કાગળો વગેરેની અત્યંત મોંઘવારીને લઈને લડાઈ પહેલાંના જેટલી કિંમતે પુસ્તકો પ્રસિદ્ધ ન કરી શકાય એ તો સૌ કોઈ સમજી શકે એમ છે.

અંતમાં, આ પુસ્તકોના પ્રચારમાં મદદ કરવાની લાગતાવળગતા સૌને વિનંતિ કરીએ છીએ.

અમદાવાદ
તા. ૨૬-૬-૪૩

મંત્રીઓ,
ગુજરાત બાલવિકાસ સંસ્થા

# અનુક્રમણિકા

☆


| | | |
|---|---|---|
| નિવેદન | | . |
| ૧. | કેળ | ૧ |
| ૨. | પપૈયો | ૮ |
| ૩. | ગૂંદી | ૧૧ |
| ૪. | પીલુડી | ૧૪ |
| ૫. | કેરડો | ૧૭ |
| ૬. | પીસ્તાં | ૨૧ |
| ૭. | બિજોરું | ૨૪ |
| ૮. | કરમદી | ૨૭ |
| ૯. | મેંદી | ૨૯ |
| ૧૦. | કેવડો | ૩૪ |
| ૧૧. | વાંસ | ૩૮ |
| ૧૨. | ઇંદ્રજવ | ૪૧ |
| ૧૩. | ગરમાળો | ૪૫ |
| ૧૪. | એરંડો | ૪૮ |
| ૧૫. | નગોડ | ૫૨ |
| ૧૬. | અરીઠાં | ૫૪ |
| ૧૭. | આકડો | ૫૬ |
| ૧૮. | ઇંગોરી | ૫૮ |
| ૧૯. | આપટો | ૬૦ |
| ૨૦. | ખેર | ૬૨ |
| ૨૧. | સાગ | ૬૫ |
| ૨૨. | પારસપીપળો | ૬૮ |
| ૨૩. | અર્જુન | ૭૧ |
| ૨૪. | ઇકિડ | ૭૩ |
| ૨૫. | ગોરડ | ૭૫ |
| ૨૬. | કડિયો | ૭૭ |
| ૨૭. | દૂધલ્યો | ૭૯ |
| ૨૮. | દૂમરો | ૮૦ |
| ૨૯. | ઇફ્ળ | ૮૨ |


# કેળ

બાગમાં ફરતાં ફરતાં ચંપકને તેના કાકાએ કહ્યું, "જો, આ કેળની લૂમ જોઇ? એને ખાસડિયાં કેળાં કહે છે."

ચંપક કહે, "નાનાકાકા, ખાસડિયાં કેળાં તે ક્યાંય થતાં હશે! ગપ મારો મા."

નાનાકાકા કહે, "અરે ભાઇ, કેળાંની તો વીશથીયે વધારે જાતો થાય છે. કોઠણી કેળાં, વસાઇ કેળાં, એલચી કેળાં ને એવી એવી ઘણી જાતો છે; ને ખાસડિયાં કેળાં એ પણ

એક જાત જ છે."

કેળાના બાગમાં આગળ ચાલતાં નાના-કાકાએ ચંપકને કેળાના થડ ઉપરની છાલો ખસેડી ખસેડીને કેળના થાંભલા કેવા સુંદર ને સુંવાળા છે તે બતાવ્યું.

ચંપકે કહ્યું, "નાનાકાકા, એમ તો કેળના થાંભલાની અંદરનો ભાગ મેં જોયેલો છે હો. તે દિવસે નરોત્તમ મહારાજને ત્યાં લગ્ન હતાં તે વખતે તેમના ઘરનાં માણસો કેળના થાંભલામાંથી પાણી કાઢી એના પાપડ બનાવતાં હતાં."

નાનાકાકા કહે, "હા, કેટલાક લોકો એમ માને છે કે કેળના પાણીમાં કરવાથી પાપડ અભડાતા નથી. એ વાત ખરીખોટી તે તો કોણ જાણે; પણ એના પાણીમાં કાંઇક ગુણ હોવો જોઇએ, એટલે તે તેને વાપરતા હશે."

બાગમાં ફરતાં ફરતાં ચંપકે નાનાકાકાને કહ્યું, "કાકા, આ કેળની આજુબાજુ એનાં બચ્ચાં ઊગ્યાં લાગે છે. અહીં પાસે પાસે જ તે ઊગશે તો તે ક્યાંય માશેયે નહિ."



કાકા કહે, "એ તો એમ થાય છે કે જ્યારે આ કેળ ઉપર કેળાં આવશે ત્યારે લૂમને કાપી લઇ તેની સાથે કેળને પણ કાપી નાખવામાં આવશે. એક કેળ એક જ વાર ફળે. કેળ જાય એટલે એનું બચ્ચું ત્યાં ને ત્યાં મોટું થાય અને એ કપાય એટલે પાછું એનું બચ્ચું મોટું થાય."

ચંપક કહે, "આ વાત ઠીક છે; પણ વારુ, અહીંથી બીજે ક્યાંય કેળ લઇ જવી હોય તો બચ્ચાંને બીજે રોપાય કે કેળનાં બી વવાય?"

કાકા કહે, "એ તો આ બચ્ચાંને એક ઠેકાણેથી બીજે ઠેકાણે નાખ્યાં એટલે બસ."

ફરતાં ફરતાં ચંપકે એક કેળ ઉપર કેળનો ડોડો જોયો. તેણે કહ્યું, "કાકા, આવાં તપખીરી પાંદડાંની અંદર શું હશે? અંદર નાનાં નાનાં કેળાં હશે?"

કાકા કહે, "હા, એ પાંદડાં ખરતાં જશે ને ધીરે ધીરે નાનાં નાનાં કેળાં આવતાં જશે.

જો પેલી બીજી કેળ ઉપર નાનાં નાનાં કેળાં આવી ગયાં છે, અને તેના છેડા ઉપર ડોડો લટકે છે."

ચંપકે પૂછ્યું, "હવે એ ડોડો શા કામનો?"

કાકા કહે, "એનું શાક થાય. આપણા લોકો એનું શાક નથી કરતા; પણ દક્ષિણી લોકો એનું સુંદર શાક કરે છે." ડોડો નીચે ઉતારીને કાકાએ તે બતાવ્યો અને બોલ્યા, "જો, આ જે દેખાય છે તેને દક્ષિણી લોકો ચકલી અને કાગડા કહે છે. આમાંથી આ કાઢી નાખી આનું શાક થાય."

ચંપક કહે, "ચાલો ત્યારે આપણે તેને ઘેર લઇ જઇએ. આપણાં પાડોશી સુમતિબહેન પાસે એનું શાક કરાવીશું. એમને તો તે આવડતું હશે ને?"

કાકા કહે, "એમને તે કેમ ન આવડે? એ તો કોકણનાં છે, અને ત્યાં તો કેળાંનો પાર નહિ."

ઘેર આવતાં આવતાં કાકાએ થોડાંક કેળનાં



પાંદડાં લીધાં; અને સાંજે ઘરનાં સૌ તેજ પાંદડાંમાં જમવા બેઠાં. આજે તો ઘરમાં કેળાંનું અને કેળાંની વાતોનું વાતાવરણ હતું. સારી-કાકીએ કેળાંનું રાળતું કરેલું અને સુમતિમાશીને ત્યાંથી કેળાંનું શિકરણ આવેલું હતું.

ખાતાં ખાતાં ચંપકે કહ્યું, "આ દક્ષિણી લોકોને શિકરણ કરતાં સરસ આવડે છે. આપણે તો દૂધકેળાં ખાતાં બીએ. હવે તો કાકી, તમે સુમતિમાશી પાસેથી શિકરણ કેમ થાય તે શીખી આવજો. મને શિકરણ બહુ ભાવે છે."

"અને આ ડોડાનું શાક કેમ થાય છે તે પણ શીખી લાવજો." ચંપકના કાકાએ ઉમેર્યું.

ખાતાં ખાતાં કેળાંની બીજી વાતો પણ ચાલી. કચ્છના વલ્લભભાઇ વૈદ્ય પણ આજે જમવામાં સાથે હતા. તે કહે, "કેળાંનો ઉપયોગ તો બહુ છે. આપણા લોકો કેળાં ખાતાં નકામા બીએ છે. દિવસમાં એકાદબે કેળાં ખાવામાં વાંધો છેજ નહિ. હા, પણ માંદા હોઇએ ત્યારે ન ખવાય. બાકી કેટલાયે રોગો ઉપર

અમે તો કેળના રસનો અને કેળાંનો ઉપયોગ કરીએ છીએ."

વાત વાતમાં સારીકાકીએ કહ્યું, "અમે ગુજરાતમાં ગયેલાં ત્યાં ભીલ, કોળી અને ઠાકરડા લોકોને વગડાઉ કેળના કંદનો લોટ કરીને તેની ભાખરીઓ કરીને ખાતાં જોયાં હતાં."

કાકાએ કહ્યું, "હા, ગરીબ લોકો કોઈક વાર એનો ઉપયોગ કરે છે."

જમ્યા પછી ચંપકના કાકાએ એક ચોપડી કાઢી અને તેમાં કેળ વિષે શું લખ્યું છે તે વાંચ્યું. તેમાં બીજી હકીકતો સાથે આ હકીકત પણ હતી કે કેળની છાલની રાખનો ઉપયોગ સૂતર રંગનારા રંગરેજ અને ખત્રી લોકો કરે છે, અને કેળનાં પાંદડાંની રાખમાંથી ક્ષાર થાય છે તે દક્ષિણના ધોબી લોકો સાબુને બદલે વાપરે છે.

પાનસોપારી ખાઈને છૂટા પડતાં વૈદે કહ્યું, "આજે કેળ વિષે બહુ વાત થઈ; પણ સત્યનારાયણની કથા વખતે કેળના પાંદડાંનો મંડપ કરે છે. તે વાત તો રહીજ ગઈ. એમ તો



કેળનાં પાંદડાં શણગાર કરવામાં પણ સુંદર દેખાય છે."

ડેલીએથી પાછા વળીને વળી વૈદરાજે કહ્યું, "અરે, કાચાં કેળાંને ઝટ પકવવાં હોય તો લૂમના દાંડામાં એલચીનો ભૂકો ભરવાથી તેમ થાય છે."

ચંપકના કાકાએ કહ્યું, "એમ તો હજી કેટલુંયે રહ્યું હશે."

ચંપક કહે, "અરે! આજ તો બહુ મઝા પડી. ઝાડો વિષે મોટી મોટી ચોપડીઓ હોય તો કેવું સારૂં! એ વાંચીએ એટલે તરત ખબર પડે."

# પ પૈ યો

એક દિ બાપાએ પપૈયું આણ્યું. પપૈયું ચીર્યું ને માંહીથી કાળાં કાળાં બિયાં નીકળ્યાં. બિયાં રસોડા પાછળ ફેંકી દીધાં ને પપૈયું ખાઇ ગયાં. બિયાં ઉપર ધૂળ ઊડી ને ધૂળ નીચે તે દટાયાં. એમ કરતાં વરસાદ આવ્યો, ને બે બિયાં ઊગ્યાં.

તે કયારે ઊગ્યાં તેની ખબરે ન પડી. કોણ જાણે તે કયારે વેંત જેવડાં થઇ ગયેલાં. બાએ તે ભાળ્યાં ને કહ્યું, "અરે! અહીં તો પપૈયાં ઊગ્યાં." અમે તેનો ફરતો કયારો કર્યો; બાપાએ ત્યાં વાડ કરી; ને નાનાકાકાએ ખાળનું પાણી આવે એમ નીક કરી આપી.

પપૈયો પાણી પીએ ને પાંદડાં કાઢે. એક પછી બીજું; ને બીજા પછી ત્રીજું. નાનાં પાંદડાં મોટાં થાય. મોટાં પાંદડાં પીળાં થાય. પીળાં પાંદડાં ખરતાં જાય. નવાં પાંદડાં ફૂટતાં જાય; ને પપૈયો મોટો થતો જાય.



એમ કરતાં દિવસો ગયા; મહિના ગયા. પપૈયા ખૂબ મોટા. થયા. એક હાથના બે હાથ; ને બે હાથના ચાર હાથ; ને ચાર હાથના આઠ હાથ.

સવાર પડી ને રંગુ કહે, "બા, જો તો પપૈયાને ફૂલ આવ્યાં!"

ચંપા કહે, "હેં બા, આને ફૂલ આવાં કેમ?—ને પેલાને ફૂલ જુદાં કેમ?"

કાકા કહે, "એ તો છે નર પપૈયો એટલે એને ફૂલ જુદાં; અને પેલો છે નારી."

દિવસો ગયા ને નારી પપૈયે પપૈયાં બેઠાં. કળીઓ હતી તે મોટી થઇ હતી. મોટી થઇને ઊઘડી હતી. ઊઘડીને ત્યાં ફૂલ થયાં હતાં. ફૂલ ખર્યાં હતાં ને ત્યાં પપૈયાં બેઠાં હતાં.

ચંપા કહે, "બા, બીજાને ફળ કયારે બેસશે?"

બા કહે, "એ તો છે નર પપૈયો; એને ફળ નહિ બેસે."

નાનાં પપૈયાં મોટાં થયાં. એકનાં એકવીસ થયાં. પપૈયા ઉપર પપૈયાં જ પપૈયાં! નાળિ-

ચેરીએ જાણે નાળિયેર બાઝયાં.

કાબર આવી ને પપૈયાને ચાંચ મારી.

"બા બા, આ પપૈયામાંથી તો દૂધ નીકળે છે!"

"હા, તે હજી એ કાચો છે. પાકશે ત્યારે પાણી નીકળશે."

શિયાળો ગયો ને તડકા પડયા. લીલા પપૈયા પીળા થયા. કઠણ પપૈયા પોચા થયા. દૂધને બદલે પાણી નીકળ્યું. પપૈયાં પાકયાં. બે પપૈયાં ઉતાર્યાં. તે સહુએ મળી ખાધાં. એક ચીર મેં ખાધી; એક ચીર બાએ ખાધી; એક ચીર બાપાએ ખાધી; ને એક પાડોશીને ત્યાં મોકલી.

અમારા ઘરનો પપૈયો. અમારે ત્યાં ઊગેલો. અમે એને મોટો કરેલો. અમે એને સાચવેલો. અમે એની ચીરો ચીરો ખાઈ ગયાં; ને એનાં બિયાંને નાખી દીધાં. એ બિયાં ધૂળમાં પડયાં. એના ઉપર પાછી ધૂળ વળશે; ને એમાંથી પાછો કદાચ પપૈયો ઊગશે.

# ગૂંદી

મારું ગામ વળા. ભાવનગરથી બાર ગાઉ. એ ગામમાં મારું ઘર. એ ઘરની પાછળ એક વાડો હતો. એમાં એક ગૂંદી હતી. હજી પણ એ ગૂંદી ઊભી છે.

છેક નાનાં હતાં ત્યારે અમે ભાંડરડાં ગૂંદીના થડ આગળ ઊભાં રહેતાં અને મોટેરાં ગૂંદીએ ચડતાં ને ગૂંદાં ખાતાં તેની પાસેથી ગૂંદાં માગતાં. અમને રોજ થાય કે કયારે મોટાં થઈએ અને ગૂંદીએ ચડીએ.

પછી અમે મોટાં થયાં. હિંમત રાખી ઉઝરડાતાં તથા પડતાંઆખડતાં અમે ગૂંદી ઉપર ચડતાં શીખી ગયાં. હું તો ઘરથી પાતળો હતો એટલે ઝટ ઝટ ગૂંદી ઉપર ચડી જાઉં અને પાતળામાં પાતળી ડાળીએ બેસું.

ગૂંદીનું લાકડું અને છાલ બહુ ચીકણાં હોય છે એટલે તે ઝટ દઈને ભાગી ન જાય,

એટલે જ એની પાતળી ડાળી પર પણ જઈ શકાય.

ગૂંદી ઉપર ચડીને ગૂંદાં ખાવાની જે મજા આવે તે મજા કાંઇ નીચે ઊભાં ઊભાં ખાવામાં આવે કે?

અમારી એક મોટીબહેન હતી. તે તો ઉપર ચડી જ ખોળો ભરી ગૂંદાં લે. આપણે તો ગૂંદાં ખાતા જઇએ, ગાયન ગાતા જઇએ અને ગૂંદી પવનથી ડોલે ત્યારે ડોલતા જઇએ.

આ ગૂંદીનાં ગૂંદાં કાચાં હોય ત્યારે લીલાં હોય અને પાકે ત્યારે લાલ હિંગળોક જેવાં થાય. આ ગૂંદાં ચીકણાં બહુ હોય. ગૂંદરને બદલે કાગળ ચોટાડવા હોય તો એમાં કામ આવે. કેટલીક વાર પતંગ ચોટાડવા માટે પણ અમે આ ગૂંદાં વાપરતાં.

ગૂંદાં ખાતાં ખાતાં ગળ્યાં તો લાગે; પણ સાથે સાથે ચીકણાં પણ લાગે, અને એનો ઠળિયો કાઢવા જઇએ તો તો તે હોઠ આગળ ચોટી જ રહે. એ તો ગૂંદાં અને ઠળિયા બધું જ ખાવાની મજા છે.



હું તો ગૂંદાંને મોંમાં દબાવી એનો રસ ચૂસું અને પછી ઠળિયાને અને છાલને ગળા નીચે ઉતારી દઉં.

ગૂંદાં શેરીએ શેરીએ ઉનાળે વેચાય. ગામડામાં ઉનાળે ગૂંદીઓ ગૂંદાથી લચી પડે. કાળિણો કે વાઘરણો ગૂંદાં ઉતારી લાવીને વેચે.

હાથબ – ગોપનાથ તરફ ગૂંદા અપરંપાર થાય છે.

કહે છે કે ગૂંદાં ખાવાથી કેડ દુખતી મટે છે અને તાકાત ખૂબ આવે છે. કેટલાક લોકો તો ગૂંદાંનો પાક કરે છે. ગૂંદાં સૂકવા નાખી તેને ભરડી તેના લોટનો આ પાક થાય છે. તેનાથી બળ વધે છે એમ વૈદ લોકો કહે છે.

ગૂંદાનાં પાંદડાં લંબગોળ, ખરબચડાં અને ઘેરાં લીલાં થાય છે. તેનું થડ ખરબચડું હોય છે. તેના ડાળીઓ લાંબા સોટા જેવા નાકળે છે; અને તે ઉપરથી છાલ આખી ન આખી ઊતરી શકે છે.

ગામડાના લોકો છાલને બાળીને ગૂંદીની લાકડીઓ શોભાવાળી કરે છે. ગેડીદડો રમવામાં ગૂંદીની ચીકણી ડાળની ગેડી બહુ લાંબો વખત ચાલે છે.

# પીલુડી

"પીલુડાં પાક્યાં, મા, પીલુડાં પાક્યાં,
અઘોર વન વેડ્યાં, મા, પીલુડાં પાક્યાં."

પીલુ ઉપર તો લોકગીતની આ બે લીટીઓ છે.

પીલુડાં પાકે છે ત્યારે સાચે જ પીલુડીનો દેખાવ જોવા જેવો થાય છે. જેમ ગામડાની કોળણુ કે કણબણુ લગનગાળામાં કડલાં, કાંબી, ઝરમર, વેઢલા અને વેઢવીંટીઓ પહેરેલી ને ઘરેણાંથી નમેલી જેવી લાગે છે તેવી જ્યારે પીલુડીને પીલુનાં ઝૂમખાં લાગે છે ત્યારે પીલુડી લાગે છે.

પીલુનો ઝૂમખો એટલે લાલ, ગુલાબી, ધોળાં અને જાંબલી રંગનાં મોતીનો ઝૂમખો જોઈ લો.

ઝૂમખાને ભારે પીલુડી એટલી બધી તો નમી પડે કે આપણે હાથ લંબાવીએ એટલે



પીલુનો લુમખો હાથમાં આવે.

અમે તો ભાલના રહેવાવાળા. વળી અમારું ગામ. ત્યાં પીલુડીનો પાર નહિ. ગામને પાદર પીલુડીનું એક જંગી મોટું ઝાડ હતું.

જ્યારે પીલુ આવે ત્યારે કોળણો સૂંડલા ભરી ભરીને પીલુ વેચવા આવે. તેઓ બોલે, "લેવાં છે મીઠાં પીલુ? દાણાનાં બે વાર." અમે દાણા લઈ પીલુ લેવા જતા.

પીલુડીનાં પીલુમાં ઠળિયા ન હોય. એ તો રસનાં ભરેલાં રંગબેરંગી મોતીડાં. અમે તો એના બૂકડા મારીને ખાતા. પીલુ ગળ્યાં ગળ્યાં લાગે.

જાળ કરીને એક બીજું ઝાડ થાય છે. એને ચણોઠી અને ચણીબોર જેવડાં રંગરંગનાં ફળો થાય છે. એને પણ લોકો 'પીલુ' જ કહે છે; પણ એ પીલુ તો ગળ્યા સાથે તીખાં તીખાં ભડકા જેવાં, અને એમાંથી ઠળિયા નીકળે ને એની છાલ અને રસ ખવાય. ખરી રીતે તો એનો રસ જ ખવાય.

પણ આ પીલુ તો એમ ને એમ મોંઢામાં જ નાખવાનાં. રજા જેવડાં એ થાય.

અમારા દાદા પાદરે જઇ વળતી વખતે પીલુડીનાં બે ડાંખળાં તોડતા આવે એટલે અમે ઝૂમખામાંથી વીણી વીણીને પીલુ ખાઇએ. જેવો નગોડના ફૂલનો ઝૂમખો થાય છે એવો પીલુનો ઝૂમખો થાય છે.

પીલુડીનાં ઝાડ એમ તો સારી રીતે મોટાં થાય છે; પણ એનું લાકડું ચીકણું ખરું. તે બાળવાના કામમાં આવે; પણ ઇમારતના કામમાં ન આવે. વળી ઝાડ એવું વાંકુંચૂંકું ઊગે કે એમાંથી કાંઇ બનાવી જ ન શકાય. ઊંટનાં અઢારે વાંકાં જેવું આ ઝાડ!

ભાલમાં તો પીલુડીનો છાંયો અમૃત જેવો લાગે. ક્યાં યે બીજાં ઝાડ નહિ ત્યાં પીલુડીનો મહિમા.

પીલુડીનાં પાંદડાં ગોળ, લાંબાં અને ચટકદાર લીલા રંગનાં હોય છે. પાંદડાં બટકણાં હોય છે. વાળીએ તો તે બટ લઇને તૂટી જાય છે.

પીલુડીનાં પાંદડાંના રસને કેટલાક લોકો વાએ રહી ગયેલા અંગો ઉપર ચોળે છે.

# કેરડો

ગામડામાં વસનારાઓએ ખીચડીની સાથે કેરડાંનું અથાણું ખાધું હશે. કેટલાએક માંદા માણસોને કેરડાનું અથાણું ખૂબ ભાવ્યું હશે.

કેરડો કાંટાળું ઝાડ છે. ગૂજરાત અને કાઠિયાવાડમાં અણખેડાણ જમીનમાં તે દેખાય છે. કેરડાને પાંદડાં નથી હોતાં. તેનું એક વરત છે:

"સો આંબા, સો આંબલી, બસો બીજાં ઝાડ;
પાન વિનાનું ઝાડવું, રાજા ભોજ કરે વિચાર."

કેરડાની કૂણી કૂણી ડાળીઓ તડકામાં તગતગતી હોય ત્યારે સૌને દેખાય છે. તેના કૂણા ઝીણા કાંટા પાંદડાં જેવા લાગે છે.

ઉનાળાની શરૂઆતમાં કેરડો ફૂલે છે. જેમ કેસુડો આખો કેસુડાંથી ઢંકાઈ જાય છે તેમ કેરડો કેરડાનાં ફૂલોથી ઢંકાઈ જાય છે. ફૂલો લાલ, કેસરી રંગનાં અને સુંદર ઘાટનાં હોય છે.

ફૂલો બેસે છે ત્યારે સક્કરખોરો એનાં ફૂલમાંથી રસ ચૂસે છે. ફૂલો ઊઘડેલા કેરડા ઉપર સક્કરખોરો સુંદર દેખાય છે. સક્કરખોરો ઊડતો જાય છે ને તેની લાંબી ચાંચે રસ ખેંચતો જાય છે.

ફૂલો પછી ફળો આવે છે. એ નાનાં ગોળ આકારનાં, લીલા રંગનાં હોય છે અને તે કાચાં ચણીબોર જેવાં લાગે છે. કેરડાં ધીમે ધીમે મોટાં થઈ બોર બોર જેવડાં બને છે. કોઈ કોઈ કેરડાં તો નાની સોપારી જેવડાં થાય છે.

પાકાં કેરડાંને વહી નામનાં પક્ષી ખાવાને આવે છે. વહીને કેરડાં ને પીલુ બહુ ભાવે છે. ઉનાળો બેસતાં કેરડાં ને પીલુડી ઉપર વહીઓ બેઠેલી જોશો. વહી કાબરની જાતનું પક્ષી છે.

કેરડું કડવું લાગે છે. કાચું કે પાકું તે ખાઈ જ ન શકાય. નાનાં છોકરાં કેરડું ચાખીને થૂ થૂ કરી નાખે છે; પણ કાચાં કેરડાંનું અથાણું નીરોગી છે. મીઠાના પાણીમાં કેરડાંને પલાળવાથી કડવાશ ઓછી થાય છે.



પૈસાદાર લોકો કેરીનાં અથાણાં ખાય છે ત્યારે ગરીબ લોકો કેરડાં અને પરડાનાં અથાણાં ખાય છે. પૂરું પચતું ન હોવાથી પૈસાદારને કેરીનું અથાણું પણ બહુ મીઠું લાગતું નથી; પણ ગરીબ લોકોને આખો દહાડો કામ કર્યા પછી કેરડાંનું અથાણું અને ખીચડી બહુ મીઠાં લાગે છે.

કેરડાનો કેરડાના જાળામાં સસલું રાત રહે છે. કાંટો નાનો હોય છે; પણ લાગવામાં હોશિયાર હોય છે.

'મને કેર કાંટો લાગ્યો' એવું એક લોક-ગીત પણ છે.

કેરડાનાં સૂકાં જાળાં બાળવાના કામમાં આવે છે; અને તેનો દેવતા હોકા પીનારાઓ પસંદ કરે છે.

કેરડાની કૂણી ડાળી ઉપર પતંગિયાંનાં ઝીણાં ઈંડાં મળી આવે છે. કેરડાની ડાળ ખાઈને પતંગિયાંની ઈયળો મોટી થાય છે; અને તેના ઉપર કોશેટા બની ઊંઘે છે, અને થોડા વખત

પછી તેમાંથી પતંગિયાં બની કેરડાનાં ફૂલોનો રસ ચૂસે છે.

કેરડાના જાળામાં દેવચકલીઓ વાટકી અગર ટબૂડી આકારના માળાઓ બાંધે છે. ગામડાની સીમમાં, અને શહેરની બહાર વગડામાં કેરડાઓ આડધડે ઊગેલા હોય છે; છતાં ઘણા ભણેલા માણસોએ તે જોયેલા હોતા નથી.

કેરડાની ખેતી કરવી પડતી નથી. જંગલી ઝાડ જેમ તે પોતાની મેળે ઊગે છે અને મોટું થાય છે. ગરીબ લોકોની કમાણીનું તે સાધન છે.

# પીસ્તાં

આ ઝાડ બાપુ, આપણે જોયું નથી; પણ તમારે ઝાડ જોવાનું કામ છે કે પીસ્તાં ખાવાનું? પીસ્તાં તો તમે ખાધાં છે ને? બદામ ઉપર જેમ સૂકી કઠણ છાલ હોય છે તેમ પીસ્તાં ઉપર પણ હોય છે. ચણાના છોડ ઉપરના પોપટા જેવાં પીસ્તાંનાં ફળ હોય છે, એટલે કે પીસ્તાંના ફળનો આકાર પોપટા જેવો હોય છે. ઉપરની છાલ સૂકી થાય છે ત્યારે લગભગ બદામી રંગની હોય છે. તેની અંદર જે મીંજ હોય છે તે લીલા રંગની હોય છે, અને તેના પર લાલ લાલ ટપકાં હોય છે.

પણ આમ વાત લખવાથી કાંઈ પીસ્તાંનો સ્વાદ મોંમાં આવ્યો? ના રે! એ તો ખાધાં હોય તો જ ખબર પડે. જો પીસ્તાં ખાધાં ન હોય તો ગામમાંથી મંગાવીને તે બેચાર ખાજો. સાચે જ તે મીઠાં લાગશે. ખારાં પીસ્તાં બહુ સરસ લાગે છે. તે કરાંચીમાં

બહુ વેચાય છે. પીસ્તાંને જરા મીઠું ચડાવીને તેને ભૂંજતા હશે એમ લાગે છે.

આપણા લોકો દૂધપાકમાં પીસ્તાં, બરફી પર પીસ્તાં તથા જાતજાતના પાક પર પીસ્તાં નાખવાના શોખીન છે. ચારોળી, પીસ્તાં, ગુલાબની પાંખડીઓ એ બધાં મીઠાઇના શણગાર—ઘરેણાં છે; તેથી મીઠાઈ શોભે છે. કેટલાક દૂધમાં કેસર-પીસ્તાં કે બદામ-ચારોળી નાખીને દૂધ પીએ છે. જેવો જેનો શોખ. મીઠી વસ્તુ એટલે સૌ ખાય. સૌ એટલે જેના ખીસ્સામાં પૈસા હોય તે. બાકી ગરીબો તો બિચારાં કયાંથી ખાય! પણ એમણેય તે ખાવું જોઈએ, નહિ?

હા; ઇરાન, અફગાનિસ્તાન કે બુખારા જઈએ તો ત્યાં પીસ્તાં સસ્તાં મળે; અને જંગલમાં જઈએ તો તો બોરડી પરથી બોર ખાઈએ તેમ પીસ્તાં ખાવા મળે. પણ લંકામાં તો સોનું મળે એવી કહેવત છે; પણ ત્યાં સુધી લાંબા થઈએ ત્યારે ને! બાકી આ બધા અફગાનો—કાબુલીઓ—રાતાચોળ જેવા છે એનું કારણ સમજ્યા? એ લોકોના મુલકમાં દ્રાક્ષ,



આલુ, પીસ્તાં, અંજીર, બદામ, સફરજન અને એવાં ફળો ઢગલે ઢગલા થાય. પછી એ દેશનાં છોકરાં એ ફળો ખાઈને રાતી રાણુ જેવાં થાય જ ના!

પીસ્તાંનું ઝાડ થાય છે તો મોટું; પણ નજરે દીઠા વિના એનું વર્ણન શી રીતે કરવું?

તમે કોઈએ તે જોયું હોય તો લખી મોકલજો.

# બિજોરું

હું ગ્વાલિયર ગયો હતો ત્યારે ત્યાંના ખેતીવાડી ખાતાના ઉપરી સાહેબે મને બિજોરાનું ઝાડ દેખાડેલું.

તે પહેલાં મેં બિજોરું જોયેલું; પણ તેનું ઝાડ જોયેલું નહિ.

મને પાલણપુરથી એક મારા મિત્રે બિજોરું મોકલ્યું હતું. પાલણપુરમાં બિજોરાનાં ઝાડો થાય છે.

મેં તો બિજોરાની ચટણી કરી, અથાણું કર્યું અને મુરબ્બો પણ કર્યો. બિજોરાની ચટણી સુંદર લાગે છે. તેનો મુરબ્બો મીઠો લાગે છે અને તે ઘણો લાંબો વખત ચાલે છે.

બિજોરાનો મુરબ્બો કરવો હોય તો બિજોરું છોલવું અને અંદરના ભાગની ચીરીઓ કરવી. પછી તે ચીરીઓ જ વરાળથી બાફવી. પછી બફાયેલી ચીરીઓને પીસી તેમાંથી વરાળ-



પાણી કાઢી નાખવું અને પછી લાકડાની જાડી ચાળણી કરી તેમાં આ ચીરીઓ નાખવી.

બિજોરું ઝાડ લીંબુની જાતનું છે. બંગાળી ભાષામાં તેને 'ટાવાલેબુ' કહે છે. એનાં પાંદડાં લાંબાં અને મોટાં હોય છે. દરથી તે મોસંબી ને લીંબુના ઝાડ જેવું જ લાગે છે.

બિજોરું લાંબું વેંત-સવા-વેંત જેટલું થાય છે. તેની છાલ ગાંઠા-ગાંઠાવાળી કંઈક મગરની પીઠ જેવી હોય છે. તે રંગે પીળું હોય છે. છાલની વાસ લીંબુ કે મોસંબીની છાલની વાસ જેવી આવે છે.

બિજોરાની અંદરનો ગર્ભ રાતો હોય છે, અને તે ગળ પણ ખટાશ અને કડવાશવાળો હોય છે.

બિજોરું દવાના કામમાં બહુ આવે છે. હું તો કાંઈ વૈદ નહિ કે મને તેમાંથી દવા બનાવતાં આવડે.

એક ચોપડીમાં કેટલા યે રોગો પર બિજોરાના જાત જાતના ઉપયોગ બતાવ્યા છે. તમને તે

વાંચતાં ગમ્મત આવશે એમ ધારી તે અહીં લખું છું:—

કૃમિ ઉપર, બાળકોની ઊલટી ઉપર, દાહ ઉપર, હેડકી ઉપર, શૂળ ઉપર, ઊલટી ઉપર, ઊલટી અને જુલાબ ઉપર, કર્ણશૂળ ઉપર, કર્ણસ્રાવ ઉપર, અરુચિ ઉપર, ભ્રમ ઉપર અને બરોળ ઉપર બિજોરું દવા તરીકે કામમાં આવે છે.

# કરમદી

બાલમંદિરનાં કેટલાંક બાળકો આબુ જઈ આવ્યા પછી કરમદાંની વાતો બહુ કરતાં હતાં. મેં તો મારી જિંદગીમાં તે જોયેલ નહિ એટલે મને થાય કે એ તે કેવાં હશે? પણ પછી તો મેં પંચગનીમાં તથા મહાબળેશ્વરને માર્ગે કરમદીનાં ઝાડ જોયાં.

આ ઝાડ કાંટાવાળાં થાય છે, અને તે ડુંગરામાં થાય છે.

એનાં ફળને 'કરમદાં' કહે છે. આબુ કે એવા પહાડમાં ફરવા નીકળેલાં બાળકો તે ઝાડ ફરતાં વીંટળાઈ વળે છે, અને કાંટા લાગે તોપણ કરમદાં ખાવાનું ચૂકતાં નથી. પાકાં કરમદાં લંબગોળ અને કાળા રંગનાં હોય છે. લગભગ પેપડી જેવડાં કે ચણીબોરથી દોઢાં મોટાં થાય છે. પાકેલાં કરમદાં ખટમધુરાં લાગે છે, અને તે ખાતાં કંટાળો આવતો નથી.

જેમ કેરડાંનું અથાણું થાય છે તેમ લીલાં

કરમદાંનું પણ અથાણું થાય છે અને તે સારું લાગે છે.

કરમદીનાં મૂળ બહુ ઉપયોગમાં આવે છે, એની મને તો હમણાં જ ખબર પડી. એક વૈદકની ચોપડીમાં તેના આવા સુંદર ગુણો વર્ણવેલા છે:—

"કોઈને વિષ ચડેલું છે કે કેમ તેની પરીક્ષા માટે કરમદીનાં મૂળ પાણીમાં ઘસી પાવાં. વિષ ચડેલું હશે તો ઊલટી થશે નહિ.

સર્પદંશ ઉપર તેનો ઉપયોગ—કડવી કરમદીનાં મૂળ પાણીમાં ઘસી પાવાં.

ખસ માટે—કડવી કરમદીનાં મૂળ પાણીમાં અથવા તો મીઠા તલના તેલમાં ઘસી ચોપડવાં."

આપણી આસપાસ ડુંગરાઓ છે અને ત્યાં જાત જાતની ઉપયોગી વનસ્પતિ છે; પણ આપણે ત્યાં જઈને જોઈએ તો કે? જોજો, કોઈ વાર ડુંગરામાં જાઓ તો કરમદીને સંભારજો. એનાં કરમદાં ખાજો. 'એંહ, આવું ફળ તે કોણ ખાય?—અમે તો લીચી અને અંજીર અને મોસંબી ખાવાવાળા'—એમ બોલી ખોટી શેખાઈ ન કરતા.

# મેંદી

અમે નાનાં હતાં ત્યારે ફૂલવાડીએ જતાં. વળતાં મેંદીનાં પાંદડાં તોડી લાવતાં. પાંદડાં જોઈને દાદા છેડાઈ પડતા. ભાભુ ભડકી ઊઠતાં. તેઓ બોલતાં: "અલ્યાં ઓ, આ મેંદીનાં પાંદડાં તે ક્યાં લાવ્યાં! એ તો મુસલમાનને ત્યાં હોય. જાઓ બહાર નાખી આવો."

અમે મેંદી નાખી દેતાં.

જેમ તુલસી હિન્દુની અને ડમરો મુસલમાનનો ગણાય છે, તેમ જ મેંદી પણ મુસલમાનની ગણાતી.

કદાચ એનું કારણ એ હશે કે મુસલમાનની બીબીઓ હાથેપગે મેંદી મૂકી હાથપગ રાતા કરે છે. જે મુસલમાન કરે તે હિન્દુથી ન થાય; જે મુસલમાન વાપરે તે હિન્દુથી ન વપરાય. આવું આગળ બહુ ચાલતું. હજી પણ મૂરખ અને અજ્ઞાન લોકોમાં એવું જ ચાલે છે.

મેંદી નથી હિંદુની કે મુસલમાનની; મેંદી

ભગવાનની છે. ખરી રીતે મેંદીને હિંદુ લોકો પણ લગાડતા હશે. લોકગીતમાં આવી એક કડી છે:—

"વાટીઘૂંટીને ભર્યો વાટકો,
ભાભી રંગો તમારા હાથ રે;
મેંદી રંગ લાગ્યો રે."

રાજાની રાણીઓ મેંદી મૂકવાનો બહુ શોખ કરે છે. રાણીઓને નવરાશ બહુ ને! પગે ચાલવાનું તો હોય નહિ.

ગરીબ કોળણો અને કણબણો મેંદી ક્યારે મૂકે! દી બધો પગને ધૂળમાં ને પથરામાં મૂકવો પડે ત્યાં મેંદીનો રંગ કેટલી ઘડી રહે!

મેંદી એક જાતનું ઝાડ છે. તેનાં પાન ઝીણાં અને ડાળો સોટા જેવી હોય છે. મેંદી બાગબગીચામાં ખાસ નખાય છે. મેંદી વાડ તરીકે કામ આવે છે. થોરની વાડને કાંટા હોય છે. બોરડી ને કેરડાંની વાડ થોડા વખતમ ખવાઈ જાય છે. મેંદીની વાડ વધ્યાં જ કરે છે. મેંદીની વાડમાં કાંટા નથી. મેંદી વધી વધીને



મોટી દીવાલ બની જાય છે; તેથી બાગને ઠંડક આવે છે, ઢોરને રોકે છે ને બાગની શોભા વધારે છે.

મેંદીનાં ફૂલો અને ફળો રૂપાળાં હોય છે. નાનાં છોકરાં વગર સમજ્યે એનાં ફળનાં બિયાં કરડ કરડ ખાય છે. સૂકાં બિયાં સળગે છે અને તેનાથી નાના ભડકા કે દીવા થાય છે. મેંદીનાં ફૂલોમાંથી વાસ આવે છે. તે કોઈને ગમે છે ને કોઈને જરા કડક લાગે છે. મેંદીનાં ફૂલો અને ડોડવાવાળી ડાળીઓથી ફૂલદાની શોભે છે.

મેંદીનાં ડાળાં કાપી તેમને જમીનમાં રોપી પાણી સીંચવાથી તેને નવાં પાંદડાં આવે છે: પીપરની, સરગવાની અને બીજાં ઝાડોની ડાળો રોપવાથી તે મૂળ ઘાલે છે ને તેનાં નવાં ઝાડો થાય છે તેમ.

મેંદીનાં પાંદડાં વાટતાં બહુ ચીકણાં થાય છે. હાથ અને પગ રંગવા હોય તો મેંદીને વાટી તેમાં જરાક ફટકડી નાખવી. નાનાં બાળકોની એ એક સુંદર રમત છે. બાળકો મૂઠીમાં

વાટેલી મેંદી દાબે છે, અને નખ રાતા થાય એટલા માટે મૂઠી ઉપર મેંદી મૂકે છે. પછી બંધ મૂઠીએ તેઓ ઘરમાં અને બહાર ફર્યાં કરે છે.

પણ બધાં માબાપ આવી રમત કરવા નથી દેતાં. એમાં માબાપોને ગંદકી લાગે છે. પગે મેંદી મૂકનાર બાળકોને તો બેસી જ રહેવું પડે છે. કહેવત પણ એવી છે કે "શું પગે મેંદી મૂકી છે?" જેઓ ચાલવાના આળસુ હોય તેમને આ કહેવત લાગુ પડે છે.

મેંદી અરધો કલાક કે કલાક મૂકયા પછી હાથપગ ધોઈ નખાય. પછી હાથને તેલ ચોપડાય એટલે હાથ સુંવાળા અને વધારે લાલ રંગે ચળકતા બને. નવરાશને વખતે બાળકોએ આ કરવા જેવું છે. માબાપોએ તે કરવા દેવા જેવું પણ ગણાય.

મેંદી ઠંડી વનસ્પતિ લાગે છે. માથે નાખવાનું તેલ પાડવામાં બીજી ચીજોમાં મેંદી પણ આવે છે. આ મેંદી સુગંધીદાર છે કે અસુગંધીદાર તે તો તેલ પાડનાર જાણે. મેંદી બે જાતની છે: એક સુગંધીદાર, બીજી નહિ.



અમે નાનાં હતાં ત્યારે સુગંધીદાર મેંદી બહુ તોડતાં. તેનાં પાંદડાં ચોળીને સૂંઘતાં. જામફળ જેવી એની વાસ આવે છે. પાંદડાં ધોયેલાં કપડાંમાં રાખતાં ને અમારાં કપડાં સુગંધીદાર કરતાં.

ઢોર મેંદી ઓછી ખાય છે; લગભગ નથી ખાતાં. બાવળનાં દાતણ ન મળી શકે તો મેંદીનાં દાતણ થઈ શકે. મેંદી મોટી વધારી તેનો માંડવો અને દરવાજો થઈ શકે છે.

હોશિયાર માળીઓ મેંદીને કાપીકોરીને તેમાંથી મોર, હરણ, એવું એવું મેંદીની વાડ ઉપર દેખાડે છે.

# કેવડો

'કેવડો મઘમઘતો ફોરમભર્યો.'

સોમાભાઈની કેવડા ઉપરની આ લીટી વાંચી કે સાંભળી છે? કેવડા ઉપર એમણે સુંદર કવિતા બનાવી છે. સાચે જ મોસમમાં કેવડો જ્યાં ઊગ્યો હોય છે ત્યાંથી ચારે કોરની હવામાં મઘમઘાટ ફેલાવે છે. એના ઝાડ પાસેથી નીકળીએ તો એની સુવાસ નાકમાં ભરાઈ જાય છે.

કેવડાનું ઝાડ એકલું-અટૂલું ઊગતું નથી; પણ તે પાંચ, પચીસ, સો એમ જથામાં ઊગે છે. તે માથોડું કે બે મથોડાં ઊંચું વધે છે. કેવડા એટલા બધા ગાચ ઊગે છે કે તેમનું નાનું એવું જંગલ બની જાય છે. કેટલેક ઠેકાણે તો કેવડાનાં ગાઢાં વન હોય છે. પાંચ-પચીસ કે પચાસ કેવડાનાં ઝાડને કેવડાની વાડી કે કેવડિયો કહે છે.

કાઠિયાવાડ–ગુજરાતમાં કેવડો ઘણે ઠેકાણે થાય છે. તેમાં પાલણપુરી કેવડો ખાસ વખણાય



છે. પાલણપુરી કેવડાનું અત્તર કીમતી ગણાય છે.

કેવડામાં બે જાતો હોય છે: એક ધોળી જાત અને બીજી પીળી જાત. પાલણપુરમાં પીળી જાત વિશેષ છે. આ પીળી જાત વધારે સુગંધીદાર છે, અને તેનાં પાંદડાં સુકુમાર હોય છે. મહા અને ફાગણ મહિનામાં આ પીળા કેવડાની મોસમ છે. કેટલાએક લોકો પીળી જાતને કેતકી પણ કહે છે. કાઠિયાવાડના કિનારાનાં ગામોમાં ઘણે ઠેકાણે ધોળો કેવડો થાય છે. તેની મોસમ ખાસ કરીને શ્રાવણ માસમાં આવે છે. કેટલાક કેવડા બારે માસ થાય છે.

કેવડાના ઝાડમાંથી મકાઈ કે કેળના ડોડા જેમ ડોડો બહાર આવે છે. તેની વચ્ચે મંજરીનો સોથો હોય છે, અને આજુબાજુ કેળના ડોડાને આવે છે તેવી જાતનાં કંઈક પણ રંગે ધોળાં અને પીળાં પાંદડાં હોય છે. આ પાંદડાંની બંને કોરોએ કાંટા હોય છે.

પાંદડાં વચ્ચેના મંજરી તેમ જ પાંદડાં બંને સુવાસિત છે. મંજરીમાંથી ઝીણો ભૂકો ખરે છે તે ઘણા લોકો લૂગડાંમાં નાખે છે, અને

તેથી લૂગડાં સુવાસિત થાય છે. જો મંજરી લીલી ને લીલી કપડાંમાં મૂકીએ તો તેની સુગંધીને લીધે તેમાં ઝીણી ઈયળો પડે છે અને કપડાં ઈયળોથી ભરાઈ જાય છે. માટે મંજરી સુકાયા પછી તેનો ભૂકો ખેરવી લઈ કપડામાં નાખવો.

કેવડાનાં પાંદડાં સુંદર અને સુગંધીદાર હોવાથી ભગવાન વિષ્ણુને તે ધરાવવામાં આવે છે. તુલસીનાં પાન પેઠે કેવડાનાં પાંદડાંને પણ ખાસ કરીને વૈષ્ણવ મંદિરોમાં સારું સ્થાન છે. કોઈ કોઈ ગામના રસિક લોકો કેવડાની મોસમમાં કેવડાનાં કૂણાં સુવાસિત પાન એક-બીજાને ભેટ રૂપે મોકલે છે. દક્ષિણી સ્ત્રીઓને અંબોડામાં કેવડાનું પાન ખોસવાનું બહુ ગમે છે.

કેટલાએક લોકો ઘરમાં સુવાસ રહે તેટલા માટે કેવડાના ડોડાને ટાંગી રાખે છે, અને કેટલાએક શોખીન લોકો કેવડાનાં પાંદડાંને પોતાની પાઘડીમાં રાખે છે.

કેવડાનું જેમ અત્તર નીકળે છે તેમ તેનું તેલ પણ થાય છે; એટલે કે તેલમાં કેવડો



વાપરીને કેવડાનું તેલ બનાવવામાં આવે છે. કેટલાએક લોકો કેવડાનાં પાંદડાંમાં કેટલોએક વખત કાથો રાખી તેની ગોળીઓ કરે છે; આથી કેવડા–મધુર અથવા કેવડાથી સુવાસિત પાન ખાવાની મજા આવે છે. વળી છીંકણીને સુગંધિત કરવા માટે કેવડાના પાનનો પાસ આપવામાં આવે છે.

કેવડા ઉપર અક્ષરો સરસ લખી શકાય છે; પણ પાંદડું સુકાઈ જતાં બધું કાળું પડી જાય છે; તેથી પાંદડાં લીલાં હોય ત્યાં સુધી કેવડામાં લખી એકબીજા ઉપર મોકલી શકાય. બાકી કાયમી લખાણ તો તાડપત્ર ઉપર થઈ શકે.

કેવડાનાં વનોમાં સર્પો રહે છે, એ વાત ખરી છે. સાપને તેની વાસ કદાચ બહુ ગમતી હશે.

કેવડો માત્ર સુગંધ લેવાને એટલે કે મજાને માટે નથી. વૈદ્ય લોકોએ તેનો રોગો મટાડવામાં પણ ઉપયોગ કરેલો છે, અને વૈદાની ચોપડી-ઓમાં તે ઉપયોગ આપેલો છે. તમે તો હમણાં કેવડાને સૂંઘો અને મજા કરો.

# વાંસ

વાંસ—વાંસડો તો તમે જોયો હશે; પણ એ ક્યાં ઊગે છે અને તેનું જંગલ કેવું હોય છે તે તમે નહિ જાણતાં હો.

વાંસ ઝાડમાં ગણાય છે. વાંસનાં ઝાડ કોઈ કોઈ સ્થળે તો પચાસસાઠ હાથ ઊંચાં થાય છે. સીધા ઊંચા સાઠ હાથના વાંસનું ઝાડ કેવું દેખાતું હશે!

વાંસનાં પાંદડાં લાંબાં લાંબાં હોય છે. જ્યારે વાંસનાં ઝાડોમાંથી પવન વાય છે ત્યારે એવો અવાજ આવે છે કે બસ! આ લાંબાં પાંદડાં બધાં સડ સડ સડ જોરથી હાલતાં તેમાંથી એ અવાજ નીકળે છે.

વાંસને શેરડીની જેમ જમીનમાં વાવે છે. આ વાવેલો કટકો ઊગે છે ત્યારે એટલા જોરથી ઊગે છે કે તેના ઉપર પથ્થર હોય તો તે તોડી કે ઉથલાવી નાખે છે. કહેવાય છે કે વાંસ વાવીને તેના ઉપર જો કોઈ ખાટલો



ઢાળીને સૂએ તો જોર અને ઝડપથી ઊગતો વાંસ સૂતેલા માણસને વીંધીને બહાર નીકળી જાય.

વાંસ ઘણો ઉપયોગી છે. છાપરામાં વાંસની વળીઓ અને ખપાટો વપરાય છે. તેની ખપાટોનાં ત્રાટાં થાય છે. હોડીઓ ચલાવવામાં પણ વાંસડા વપરાય છે. વળી ઘરનાં બાવાં પાડવામાં પણ વાંસડો વપરાય છે.

કેટલાક લોકો વાંસના ટોપલા, સૂપડાં, પંખા, કરંડિયા, સાદડીઓ વગેરે બનાવે છે અને બજારે વેચે છે. વાંસની ચીપોમાંથી આ ચીજો કેવી રીતે બને છે તે જોવા જેવું હોય છે. એ લોકો ઘણા ચપળ હોય છે. સ્ત્રીઓ પણ સૂંડલા વગેરે બનાવવામાં પુરુષોને મોટી મદદ કરે છે.

ચીન અને જાપાનમાં વાંસની નમૂનેદાર ચીજો તથા ખુરશી, પલંગ, વગેરે ફર્નિચર બને છે. વળી તે લોકો તેનાં રમકડાં તથા ફૂલદાનીઓ પણ બનાવે છે.

લીલા વાંસનું અથાણું થાય છે. તમને એમ લાગશે કે આ ગપાટો છે; પણ ના, આ સાચી

વાત છે. આપણા કેટલાક લોકો આ અથાણાંના શોખીન પણ હોય છે.

વાંસનાં જંગલો બહુ ગીચ હોય છે. વાંસ એટલા બધા નજીક ઊગે છે કે જ્યારે પવનથી તેઓ ઘસાય છે ત્યારે કોઈ કોઈ વાર એમાંથી આગ સળગે છે.

એમ લખેલું છે કે વાંસને સાઠ વર્ષે ગુચ્છા આવે છે અને તેમાં ઘઉંના જેવા દાણા આવે છે. આ દાણા પાકે છે એટલે પછી વાંસ સુકાવા લાગે છે અને પછી તેને કાપી નાખવામાં આવે છે. લોકો તેની જગ્યાએ બીજા વાંસો વાવી દે છે.

ગરીબ લોકો આ દાણા સંઘરે છે અને તેની રોટલી, પૂરી વગેરે પદાર્થો કરીને ખાય છે.

વાંસડો કાંઈ માત્ર કબૂતર ઉડાડવા માટે નથી કે બાવાં પાડવા માટે નથી.

# ઇંદ્રજવ

'અંદરજવ,' 'વાવડિંગ,' 'ભોરીંગણી,' એવા શબ્દો નાનપણમાં લક્ષ્મીરામ વૈદના મોઢેથી સાંભળેલા. બાપા દેશી વૈદામાં માનતા; ને જ્યારે કોઈ માંદું પડે ત્યારે લક્ષ્મીરામભાઇને બોલાવતા, ને ઉકાળાનો ખરડો નોંધાવતા. એમાં અંદરજવ, વાવડિંગ એવું એવું આવતું.

બાપા દવાઓ લાવે એનાં પડીકાં અમે ઉખેળતાં અને દવાઓને ઓળખતાં. એને લીધે મને ઘણી દવાઓની ઓળખાણ છે.

અંદરજવને પણ હું ઓળખું. તે મેં ચાખી જોયેલા પણ ખરા. જરાક કડવા લાગે.

પણ એ કયા ઝાડે થાય છે એની ખબર તો મને હમણાં જ પડી. અમે ગયે અઠવાડિયે તળાજા—ગોપનાથ ગયાં હતાં. તળાજાના ડુંગર ઉપર અમે એક ઝાડ જોયું. પાનખર હમણાં જ ગઈ હતી, એટલે પાંદડાંથી એ અધૂરું હતું

પણ વસંત બેસી ગઈ છે એટલે એને ફૂલો આવ્યાં હતાં. ફૂલો ધોળાં હતાં. મેં એકબે જણને પૂછ્યું, "ભાઈ, આ ઝાડ શેનું? આનું નામ શું?" કોઈને એનું નામ આવડતું ન હતું. ધોળાં અને કંઈ નાનાં ફૂલો તપાસ્યાં, સૂંઘ્યાં; પણ ઝાડના નામ વિના મજા ઓછી આવી. મને થયું કોઈને પૂછીએ: આ નાની ટેકરી પર નવી નવી વનસ્પતિ છે તો આપણે કંઈક તો જાણીએ.

અમારી સાથે દુલારામ મહારાજ હતા. તેમને મેં પૂછ્યું, "મહારાજ, આ લાંબી લાંબી શિંગોવાળાં અને ધોળાં ફૂલોવાળાં ઝાડ શેનાં?"

તે કહે, "ઇંદ્રજવ–અંદરજવ."

હું નામ સાંભળીને બહુ રાજી થયો. નાનપણમાં જોયેલા અંદરજવનું આ ઝાડ. કેવું સુંદર એનું અસલ નામ છે! લોકોને બરાબર બોલતાં આવડ્યું નહિ એટલે એને



'અંદરજવ' કહે છે. સંસ્કૃતમાં 'ઇંદ્રજવ;' એનું અપભ્રંશ 'અંદરજવ.'

દુલા મહારાજે અમને લાંબી શિંગો બતાવીને કહ્યું, "જુઓ, આ શિંગો અંદરજવની છે. આ શિંગોને ભાંગો, એની અંદરથી ઇંદ્રજવ નીકળશે. એક એક શિંગમાં ત્રણચાર ત્રણચાર હશે."

અમે તો શિંગો ભાંગી. શિંગો લીલી હતી એટલે કે કાચી હતી. તેમાંથી જવના જેવા અને તેથી જરા લાંબા અંદરજવ નીકળ્યા. પાપડીની અંદર જેમ વાલ ગોઠવ્યા હોય છે તેમ અંતરે અંતરે ઇંદ્રજવ હતા. દરેક ઇંદ્રજવને પૂંછડે આકોલિયામાંથી નીકળે છે તેવું જ બરાબર રૂ હતું. અમે શિંગોમાંથી કાચા ઇંદ્રજવ કાઢ્યા અને ચાખી જોયા. સ્વાદમાં જરા જરા કડવા હતા!

આ ઝાડ છસાત હાથ ઊંચું થાય છે. તે એવું રૂપાળું તો નથી. તેનાં પાંદડાં બદામના આકારનાં થાય છે. તેનાં ધોળાં ફૂલોનું શાક થાય છે. કહેવાય છે કે શિંગોનું અથાણું અને શાક બંને થાય છે.

વનસ્પતિની ચોપડીમાં લખવામાં આવ્યું છે કે ઇંદ્રજવનું ઝાડ ધોળું અને કાળું એમ બે પ્રકારનું થાય છે. અમે જોયું તે ઝાડ ધોળું કહેવાય કે કાળું તે હું જાણતો નથી. અમને ઝાડ બતાવનાર દુલા મહારાજ પાકશાસ્ત્રી હતા, વનસ્પતિશાસ્ત્રી ન હતા.

ઠીક છે; પણ એકાવન વર્ષે ઇંદ્રજવનું કાઠિયાવાડમાં થતું ઝાડ જોયું એ કાંઈ જેવીતેવી વાત કહેવાય?

# ગરમાળો

અમે નાનાં હતાં ત્યારે ઘરમાં કોઈ માંદું પડે ત્યારે બાપા લખમીરામ વૈદને બોલાવે. લખમીરામ વૈદ ઉકાળો ઉતરાવે એમાં ગરમાળાનો ગોળ પણ લખાવે. બજારેથી વાવડિંગ, કડુ, અને એવી બીજી ચીજો સાથે ગરમાળાનો ગોળ પણ આવે. તે દિવસથી ગરમાળાના ગોળને હું ઓળખું.

પણ આ ગોળ શેરડીના ગોળ જેમ ભેલીબંધ નહિ; આ ગોળ તો તપખીરી કાળી અને લાંબી શીંગોમાંથી જે ગર નીકળે છે તે. આ ગોળ ગોળના રંગનો છે એટલે એને પણ ગોળ કહેલો હશે. મેં પોતે તે ચાખ્યો નથી, એટલે તે ગળ્યો છે કે નહિ તે હું બરાબર જાણતો નથી.

આ ગરમાળાની શિંગો વેંતથી હાથ જેટલી લાંબી થાય છે અને ઝાડ ઉપર લટકે છે. એની શીંગો જોઈને જ દૂરથી પણ ઝાડને ઓળખી શકાય.

એનાં પાંદડાં ઝીણાં ઝીણાં રતાંદળી જેવાં હોય છે. એનાં ફૂલ પીળાં હોય છે. એનાં ફૂલ પીળાં આવળનાં કે લેબરનમનાં ફૂલ જેવાં હોય છે. કેટલાક વખત સુધી મેં ગરમાળાના ઝાડને લેબરનમના ઝાડ તરીકે માન્યું હતું; કેમકે બંને ઝાડનાં ફૂલના લટકતા ગુચ્છાઓ કાંઈક મળતા આવે છે.

નાનાં છોકરાં ભરાઈ જાય ત્યારે તેનો હળવો રેચ આપવા માટે વૈદો ગરમાળાનો ગોળ બીજી દવાઓ સાથે આપે છે. આપણે આપણી મેળે વૈદ બનીને ગરમાળાનો ગોળ કોઈને આપવો નહિ; નહિતર કોઈ હેરાન થઈ જાય.

આ ઝાડ ડુંગરાઉ છે. હિમાલયની તળેટીમાં ગરમાળાનાં ઝાડ બધાં ઘણાં છે.

કાઠિયાવાડ—ગુજરાતના ડુંગરાઓમાં જ્યારે ફરો ત્યારે ખુલ્લી નજર રાખીને ફરજો. લાંબી ગોળ શિંગો લટકતી હોય તો લઈ લેજો, અને ગામમાં આવી વૈદ કે ગાંધીને તે બતાવી ખાતરી કરજો કે તે ગરમાળાની શિંગો છે.



આ શિંગમાંથી ગોળ કાઢવો હોય તો તેને જરા તપાવવી એટલે ગોળ નીકળશે. કહે છે કે ગરમાળાનાં ફૂલોનું શાક થાય છે. કોઈ જાણકાર હોય એની પાસે એવું શાક કરાવી ખાઈ જોવું.

# એરંડો

સંસ્કૃતમાં એક એવી કહેવત છે કે एरंडोऽपि द्रुमायते; એટલે કે એરંડો પણ ઝાડમાં લેખાય છે. જ્યારે એમ છે ત્યારે આપણે પણ એરંડાને ઝાડમાં ન લેખીએ? તે બિચારો મોટા ઝાડ જેટલો મોટો જંગી ન થાય કે ઘણાં બધાં પાંદડાં ન કાઢે તેથી શું થઈ ગયું? તે કાંઈ નહિ તો પપૈયાની હારમાં તો ઊભો રહી શકે ખરો. ભલે, એનું થડ પાતળું હોય પણ એને કંઈ છોડ કહેવાય?—કે વેલો કે ભાજી કહેવાય?

એરંડો દ્રુમ ખરો કે નહિ એની પીંડામાં મોટા શાસ્ત્રીઓ ભલે પડે. આપણે તો પાડા-પાડીનું કામ નથી; દૂધનું કામ છે. ચાલો, ત્યારે એરંડાના ઝાડ પાસે જઈએ અને ત્યાં જ એને જોઈએ.

એની પાસેથી બહુ છાંયાની આશા રાખીએ એવું તો નથી જ; તોપણ ખેતરને



શેઢે ઘણા ખેડૂતો એરંડો વાવે છે; એટલે વાડની વાડ અને લાભનો લાભ. 'શેરડી વાંસે એરડી પીએ' એ કહેવત તો તમે જાણતાં હશો. ખેડૂતો શેરડીનો વાઢ કરે છે ત્યારે ભેગી એરડી પણ નાખે છે; એટલે શેરડી લેતાં એરડીનો પણ લાભ થાય.

આમ બધાં એરંડાને હલકો ગણતાં હોય અથવા તો ઠીક છે એમ માનતાં હોય; પણ આપણે વૈદ લોકો પાસે જઈએ અને એના ગુણ પૂછીએ ત્યારે આપણને ખબર પડે કે એરંડો બહુ કીમતી ઝાડ છે, અને એના ઘણા સુંદર ઉપયોગો છે.

આ ઝાડનાં પાંદડાં હથેળીવાળા હાથના પંજા જેવાં થાય છે; અને તે પપૈયાનાં પાંદડાં જેમ થડથી જ આવે છે. આ પાંદડાં પપૈયા જેવાં જ થાય છે; પણ એમની ભૂંગળી પપૈયા કરતાં પાતળી થાય છે. જેમ પપૈયાને થડે ઊંચે પપૈયાં બેસે છે તેમ એરંડાને પણ પાતળા થડે અને ડાળીએ એરંડીનાં ઝૂમખાં બેસે છે. જેવાં દ્રાક્ષ કે ગૂંદાનાં લૂમખાં હોય છે તેવાં

એરંડીનાં લૂમખાં હોય છે. કાચાં લૂમખાં રંગે લીલાં હોય છે અને તેના ઉપર હાથને ન લાગે એવા કાંટા હોય છે. આ કાંટા સુકાય છે ત્યારે બરછટ થાય છે પણ તે ભોંકાતા નથી.

એરંડાની બે જાત હોય છે: એક લાલ અને એક ધોળી. લાલમાંથી લાલ એરંડી નીકળે છે, અને ધોળીમાંથી ધોળી એરંડી નીકળે છે. એરંડીનો રંગ કાબરો હોય છે. તે સુંવાળી હોય છે. તે તેલી બિયાંમાં ગણાય છે.

આપણે જેને એરંડિયું કે દિવેલ કહીએ છીએ તે આ એરંડીમાંથી નીકળે છે. 'એરંડિયું પીધેલ મોં' કે 'દિવેલ પીધેલ મોં' એ પ્રયોગો આ એરંડીએ આપેલ છે. સાચે જ એરંડિયું પીતાં મોં બગડી જાય છે. એરંડિયાનો સ્વાદ કંટાળો આવે તેવો અને ઊબકા લાવે તેવો છે; પણ તેનો ગુણ બહુ સારો છે. રેચક પદાર્થમાં એરંડિયું સોજું અને ગુણકારી છે. ભૂરા રંગની કેસ્ટર ઑઇલની બાટલીઓ જે આજે ઘેર ઘેર જોવામાં આવે છે તેમાં દિવેલ ભરેલું હોય છે. આપણા દેશમાં થતી



એરંડીનાં બિયાં આપણા વેપારીઓ પરદેશ ચડાવે છે, અને ત્યાંના લોકો તેમાંથી એરંડિયું કે કેસ્ટર ઑઇલ કાઢી બાટલીમાં ભરી આપણને પીવા માટે મોકલે છે. એમ થવામાં આપણા દેશને ઘણું નુકસાન તો છે જ. અસલના લોકો અહીં જ એરંડિયું કાઢી લેતા અને હજી પણ ગામડાંના લોકો તો કાઢે છે અને જરૂર પડે ત્યારે પીએ છે. તમે એમ ન માનતા કે તેઓ એરંડિયાને શરબત જેમ પીતા. એ તો ચમચી એરંડિયું જ્યારે ઝાડો ન આવે ત્યારે પીવાનું, અને તે પણ દૂધમાં. હાલના જમાનામાં લોકો તેને ચામાં નાખીને પણ પીએ છે.

એરંડિયાને આગળના લોકો દીવાના તેલ તરીકે વાપરતા. તેને કોડિયામાં ભરી તેઓ તેનો દીવો કરતા. એરંડિયાનો દીવો આંખને શીતળ અને શાંત વાતાવરણ પ્રેરે છે. એરંડિયાને દીવે વાંચવાથી આંખો બગડતી નથી અને મગજ શાંત રહે છે. આ એરંડિયાનો પાઠ લખાવતાં મારું મોઢું અને લખનારનું મોઢું જો એરંડિયું પીધેલ જેવું ન થયું હોય તો સારું.

# નગોડ

નગોડનું નામ તો સાંભળેલું, અને એનાં પાંદડાં પણ જોયેલાં. મારા એક કાકાના દીકરાને માથું બહુ સખ્ત દુખતું ત્યારે તે નગોડનાં પાંદડાં જ માથે બાંધતા.

હમણાં બેત્રણ વર્ષ પહેલાં મેં નગોડનું ઝાડ અહીંની તખ્તેશ્વરની ટેકરી પર જોયું. તે જોતાં જ મને મારા કાકાનો દીકરો અને તેનું માથું દુખતું યાદ આવ્યું.

આ નગોડનું ઝાડ કાત્રા નગોડનું હશે એમ લાગે છે. નગોડમાં બેત્રણ જાતો થાય છે. એમાંની એક કાળી નગોડ ને એક કાત્રા નગોડ કહેવાય છે.

આ કાત્રા નગોડનાં ઝાડ બારપંદર ફૂટ ઊંચાં થાય છે. દેખાવે તે સાગ અને પીપળા જેવી જાતનું ઝાડ નથી; પણ પીલુડીનું ઝાડ જેવું દેખાવે છે. તેવું કાંઈક દેખાવે તે ઝાડ છે; એટલે કે એની ડાળીઓ પાતળી અને નીચે



ઝૂલતી હોય છે.

કાત્રા નગોડનાં ફૂલો લીલા રંગનાં હોય છે. તે ફૂલો ઝીણાં હોય છે અને તેમને જોવાની મઝા આવે છે.

# અ રી ઠાં

અરીઠાંનું નામ તો તમે સાંભળ્યું હશે જ; વળી તમે તે જોયાં પણ હશે. જેના ઘરમાં સાબુનો ખૂબ વપરાશ નહિ હોય તેના ઘરમાં પણ તે આવતાં હશે.

જે સ્ત્રીઓ માથું ધોવા માટે સાબુ નથી વાપરતી તેઓ હજી પણ અરીઠાં વાપરે છે. અરીઠાં ભાંગી તેની છાલ બીથી જુદી કાઢવામાં આવે છે અને આ છાલ જ પલાળી તેના પાણી વડે નહાવામાં આવે છે.

અરીઠાંની છાલને પાણીમાં ચોળવાથી પાણી ઉપર ફીણ આવે છે, અને તેની વાસ સહેજ તીવ્ર આવે છે. આ ફીણને તમે સૂંઘો તો તમને છીંકો આવે. પાણીને તમે આંખમાં જવા દો તો આંખો બળે અને લાલચોળ થાય.

મા નાના બાળકને અરીઠાંથી નવરાવે છે ત્યારે ત રાડેરાડ નાખે છે; કેમકે તેની આંખોમાં પાણી જવાથી આંખો બળે છે. પણ અરીઠાંથી નહાવાથી શરીર બહુ ચોખ્ખું અને સુંવાળું થાય



છે અને માથાના વાળ રેશમ જેવા થાય છે.

હમણાં હમણાં સાબુનો વપરાશ વધવાથી અરીઠાં સંતાતાં જાય છે; પણ આમ કપાળો અને સુગંધીદાર સાબુ પણ શરીર કે વાળને સાફ કરવામાં અરીઠાંને ન પહોંચે. પણ આપણા લોકો કહેશે કે બધી અરીઠાંને ભાંગવાની અને તેમની છાલને ગરમ પાણીમાં ઉકાળવાની મહેનત કોણ કરે! સીધા 'સોપ બૉક્સ'માંથી સાબુ લઈને નહાઈએ જ નહિ! એમ છતાં મહારાષ્ટ્રમાં અરીઠાંનો પ્રચાર હજી સારો છે.

તમે કોઈ દિવસ સોનીને પાણીમાં પીંછી બોળી ઘરેણાં ઉજાળતાં જોયા છે? એ પાણી અરીઠાંનું હોય છે.

અરીઠામાંથી બોર જેવડું કાળું બી નીકળે છે તે બહુ કઠણ હોય છે. છોકરીઓ તેનાથી પાંચાકે રમે છે.

અરીઠાનું ઝાડ આપણા દેશમાં થાય છે, અને તે ઘણું મોટું થાય છે. એનાં પાંદડાં ઉબરાનાં પાંદડાં કરતાં જરા મોટાં હોય છે. એ જોવાનું તમે ધ્યાન રાખજો; અને તેમ ન બને તો દુકાનેથી પૈસા બે પૈસાનાં અરીઠાં મંગાવી અરીઠાનાં ફળને તો જરૂર જોજો.

# આ ક ડો

હમણાં આકડાને ફૂલો બેઠાં છે. આકડો ફૂલોથી ખીલી ઊઠયો છે. કોઈ ગામડિયો ઘરેણાં પહેરી મેળામાં જતો હોય એવો આજકાલ આકડો લાગે છે.

આ ફૂલોની માળા વખતે તમે જોઈ હશે. શનિવારે હનુમાનજીને આકડાનાં ફૂલો અને તેની માળા લોકો ચડાવે છે. આકડાનાં ફૂલો હનુમાનજીને વહાલાં છે. દેવોને ફૂલો ગમે છે એટલુંજ નહિ પણ દરેક દેવે એક એક ફૂલ ખાસ પોતાનું ગણ્યું છે. શંકરને ધંતૂરો પ્રિય છે. ઈંદ્રના બાગનું મુખ્ય ફૂલ પારિજાતક છે. વિષ્ણુને કમળ વધારે ગમે છે.

આકડાના ફૂલની કળીઓ નાની નાની દડીઓ જેવી હોય છે. તે ઊઘડતાં તેની પાંચ પાંદડી દેખાય છે. પાંદડીમાં જાંબલી રંગની છાંય છે. પાંચ પાંદડીની વચ્ચે પંચકોણ આકૃતિની એક બેઠક હોય છે. પણ આ બધું તો આકડાનું



ફૂલ જોવાથી સમજાય; એકલા વર્ણનથી શું વળે!

આ આકડો બહુ કામનો છોડ છે. દવાના કામમાં એ બહુ આવે છે. માથું દુખે તો એનાં પાંદડાં ગરમ કરી માથે બાંધવાથી માથું હળવું પડી જાય છે. આકડાનું દૂધ, તેનાં મૂળ, તેની છાલ–બધું કામમાં આવે છે. આકડાના લાકડામાંથી ફોડવાનો દારૂ બનાવી શકાય છે. યજ્ઞ કરનારા લોકો આકડાના લાકડાને સમિધ તરીકે વાપરે છે.

આકડો જમીનમાંથી સોટા કાઢી ઊગે છે; અને તેનાં પાંદડાં વડ જેવાં પણ કૂણાં થાય છે.

આકડાને ફળ થાય છે. તેની અંદર રૂ જેવું હોય છે. જ્યારે આકડાનું ફળ સુકાઈને ફાટે છે ત્યારે અંદરનું રૂ હવામાં ઊડે છે તે વખતે જાણે ધોળાં ધોળાં છેક જ નાનાં નાનાં વાદળાંના કટકા ઊડતા હોય તેવું લાગે છે. આ રેશમ જેવું સુંવાળું રૂ ઓશીકાં ભરવામાં લોકો વાપરે છે.

અંગ્રેજીમાં આકડાને 'અર્ક' કહે છે અને મરાઠીમાં એને 'રૂઈ' કહે છે.

# ઇંગોરી

એમ ન સમજતા કે અમારા ગામને પાદર ઇંગોરીનાં ઝાડ નથી. છે, છે; વિક્ટોરિયા પાર્કમાં પાર વિનાનાં છે.

એનો લાંબો જાડો કાંટો પગમાં લાગ્યો હોય તો તો તમને એ ઝાડ અને એનું નામ બરાબર યાદ રહે: એવું યાદ રહે કે વાત કરો મા.

આપણે ત્યાં તો ઠીક, પણ દક્ષિણનાં રાનમાં ઇંગોરીનાં ઝાડ જ્યાં ને ત્યાં થાય છે.

આ ઝાડ ઊંચાં પણ ઠીક વધે છે. તે રૂપાળાં ઝાડો નથી. તે રાની એટલે જંગલમાં થનારાં ઝાડો છે.

આ ઝાડનાં ફળને ઇંગોરાં કહે છે. ઇંગોરો લંબગોળ લીંબુના આકારનો હોય છે.

કોણ જાણે કેમ, પણ આપણા લોકો નાનો



છોકરો મોટી મોટી વાતો કરે તો કહે છે કે 'લે રાખ, રાખ, હજી તો ઇંગોરા જેવડો છે ને મોટી મોટી વાતો શેની કરે છે?'

કહે છે કે લોકો ઇંગોરા કોરીને તેમાં દારૂ ભરી ફોડે છે. મેં તો એ કેવી રીતે ફૂટતા હશે તે જોયું નથી; અને તે કેમ ફોડાય તે પણ જાણતો નથી. પણ ઉપરની વાત તો ખરી જ છે.

ઇંગોરાના છોડાની અંદરના ગોટલા ઉપરના ગર વડે લોકો કપડાં ધોઈ શકે છે; પણ તેથી કપડાંનું આયુષ્ય ઘટે છે, કેમકે તેની અસર તેજાબના જેવી છે એમ કહેવાય છે.

# આ પ ટો (ઝીંઝી)

ખાખરાના ડુંગરમાં મેં આપટાના ઝાડને જોયું. મહાબળેશ્વરના ડુંગર પર મેં અગાઉ એ ઝાડને જોયું હતું.

ઝાડે ઝાડનાં પાંદડાંના આકારો જુદા હોય છે. એને લીધે દરેક ઝાડ બીજાથી જુદું પડે છે.

આપટાનું પાંદડું આપટાની બીડી વાળનારા દુકાનદારને ત્યાં જોવા મળી શકે. દેશના કેટલાક ભાગમાં આપટાનાં મોટાં જંગલો થાય છે.

દક્ષિણી લોકો આપટાનાં પાંદડાંનો મહિમા ગાણે છે. દશેરાને દિવસે આપટાનું પાંદડું એકબીજાને આપવામાં શુકન મનાય છે. તેઓ તેના પાંદડાને સોનું કહે છે. શા માટે તેમાં શુભ શુકન છે તેમ સમજવામાં આવતું હશે?

આપટાનાં પાંદડાં બીડીઓ વાળવામાં કામ



આવે છે. નાની બીડીઓ આપટાનાં પાંદડાંની હોય છે.

આપટાનું ઝાડ સુંદર તો ન કહેવાય. પાંદડાંનો રંગ વધારે પડતો ઘેરો હોવાથી ઝાડ એકંદરે ગંભીર અને ઠૂંઠું લાગે છે. પાંદડાં જાડાં અને લંબાઈ–પહોળાઈએ બોરડીનાં પાંદડાંથી બમણાં મોટાં હોય છે. તે પાંદડાં પવનમાં લીંબડાનાં કે બૂચનાં પાંદડાં જેમ થરથરતાં નથી કે લહેરો લેતાં નથી.

આ ઝાડનાં ફળ તથા ડાળીઓ અક્કડ હોય છે.

ગામડાંના લોકો આ ઝાડને 'ખોખી' કહે છે.

# ખેર ૨

એક બ્રાહ્મણને ત્યાં જનોઈ દેવાતી હતી. તે પ્રસંગે યજ્ઞને માટે બ્રાહ્મણોએ દિવાસળીથી કે ચકમકથી અગ્નિ પેદા કર્યો નહિ પરંતુ બે લાકડાંથી અગ્નિ પેદા કર્યો. એક લાકડું ભોંય ઉપર રાખ્યું અને તેમાં ખાડો પાડી ખીલડા જેવું બીજું લાકડું ઊભું રાખી શારડી જેમ જોરથી તેને ફેરવી બંને લાકડાના ઘર્ષણથી અગ્નિ પેદા કર્યો.

આ જોઈ મને બહુ નવાઈ લાગી. મેં પૂછ્યું, "આ લાકડું તે કયા ઝાડનું છે કે તેમાંથી આવી રીતે અગ્નિ પેદા થાય છે?"

એક બ્રાહ્મણે કહ્યું, "એ ખેરનું લાકડું છે. સંસ્કૃતમાં ખેરને 'ખદિર વૃક્ષ' કહે છે. આપણા ઋષિમુનિઓએ યજ્ઞોને માટે અગ્નિ મેળવવા માટે આ લાકડું વાપરવાનું કહ્યું છે. આવી રીતે પેદા કરેલો અગ્નિ બહુ જ પવિત્ર ગણાય છે."



થોડા દિવસ ઉપર હું આર્યભિષક્ નામનું પુસ્તક વાંચતો હતો. તેમાં આ ખેરની હકીકત આપેલી મેં જોઈ, અને મને પેલા જૂની વાત યાદ આવી.

કોઈએ મને કહેલું કે પાનમાં વપરાતો કાથો ખેરના લાકડામાંથી બને છે. એ કહેલું તે સાચી વાત છે. કાથો બનાવનારાઓ જૂનું ખેરનું લાકડું લઈ તેના ઉપરથી છાલ કાઢી નાખી લાકડાના વચલા ભાગના બારીક કટકા કરી તેને વાસણમાં ભરે છે. પછી આ વાસણમાં પાણી નાખી વાસણને સળગતી ભઠ્ઠી ઉપર મૂકે છે. સારી પેઠે ઉકાળ્યા પછી તેને ઠરવા દે છે, એટલે તેમાં તળિયે કાથો જામે છે.

આ કાથો આપણે પાનમાં વાપરીએ છીએ એટલો જ તેનો ઉપયોગ નથી; જુદી જુદી દવાઓમાં પણ તે વપરાય છે. કોઢ જેવા રોગ ઉપર પણ ખેરનો કાથો ચોપડાય છે.

વળી એમ કહેવાય છે કે કાથાનું પાણી કરી મકાન બાંધવાના ચૂનામાં ભેળવી ચૂનો વાપરવામાં આવે તો મકાન એટલું બધું મજ-

બૂત થાય છે કે તે એકાએક પડી શકતું નથી.

ખેરનું : લાકડું ઘણું જ મજબૂત હોવાથી તે ઇમારત બાંધવાના કામમાં આવે છે. તે બીજા લાકડા પેઠે જલદી સડતું નથી કે જલદી ઘસાતું નથી. ઘંટીનો ખીલડો ખેરના લાકડાનો હોય છે. શેરડીનો રસ કાઢવાનો કોલુ, તંબુની ખીલીઓ, ગાડાનાં પૈડાં, વગેરે ખેરના લાકડામાંથી બને છે.

ખેર વનવૃક્ષ છે. સહ્યાદ્રિના પ્રદેશમાં એનાં વન છે. એનાં પાંદડાં ખીજડાનાં પાંદડાં જેવાં હોય છે. એને ઝીણા ઝીણા કાંટા હોય છે.

ખેર ત્રણ જાતના છે: એક ધોળો, બીજો રાતો, અને ત્રીજો દુર્ગંધી. ધોળા ખેરમાંથી બનાવેલ કાથાને લોકો કેવડિયો કાથો કહે છે; અને એ કાથો સર્વોત્તમ છે.

# સાગ

ગોધરા જતાં અને ગોધરાથી લુણાવાડા જતાં રેલવેની બંને બાજુએ સાગનાં ઝાડો આવે છે.

રેલવે જાણે સાગના જંગલમાંથી જતી હોય એવું લાગે છે.

કેવાં સુંદર મોટાં સાગનાં પાંદડાં છે! લીલાં પાંદડાંવાળું ઊંચું સીધું એક એક સાગનું ઝાડ સાગવનની શોભાને વધારે છે.

આકાશથી સૂરજ ભગવાનનો તડકો સાગ-વનમાં પાંદડાં વચ્ચે થઈને પેસે છે ને દરેક ઝાડ નીચે તડકાછાયાની ભાત પડે છે.

પાનખર વખતે સાગનાં પાંદડાં ખરી પડે છે. જંગલ આખું પાંદડાં પાંદડાં થઈ જાય છે. સૂકાં પાંદડાં ઊડી ઊડીને અહીંતહીં પડે છે. વનમાં વાતો વા પાંદડાંને ઉડાડીને તેને રમાડે છે. ઊડતાં પાંદડાંમાંથી જાણે કે ઝીણો અવાજ આવે છે.

પડેલાં પાંદડાંનો લીલો રંગ ઊડી જાય છે

ત્યારે પાંદડું જાળવાળું દેખાય છે. રેષારેષાવાળું પાંદડું કુદરતની અદ્‌ભુત કરામત જેવું લાગે છે. એવું પાંદડું બનાવ્યું ન બનાવાય.

વસંતે પાંદડાં નવાં ફૂટે છે અને સાગવન લીલુંછમ થઈ જાય છે. વનનાં અંધારાં વધી જાય છે અને ગંભીરતા અને ગહનતા ઊંડાં જાય છે.

સાગના ઝાડને લોકો કાપતા ન હોત તો સાગ આકાશે અડવા જાત. પણ કુદરતની શોભાની માણસોને શી પડી છે! એ તો વેપાર માટે ઝાડનાં ઝાડ કાપી નાખે. ઝાડોની ડાળીઓ કાપી નાખીને તેમાંથી આડસરો અને વળીઓ બનાવે. જંગલને ઢાંકનાર સાગની વળીઓ અને આડસરો માણસના ઘરને ઢાંકે છે.

પણ ઈશ્વરની એવી મહાન દયા છે કે ગમે તેટલા સાગ કાપો પણ બીજાં ઝાડો ઊગે જ છે. માણસો કાંઈ એટલા મૂર્ખ નથી કે નાના છોડને પણ કાપે; અને એટલે જ મોટા છોડો નાશ પામે ત્યાં નાના છોડો નાશ થવાને તૈયાર થાય.

બિચારાં સાગનાં ઝાડો કાંઈ એવું થોડું જ



ઇચ્છે છે? એ તો માણસો જ એવા છે કે એવી રીતે તેમનો નાશ કર્યાં કરે. કુદરતની મહેર ન હોત તો માણસ શું કરત? બેચાર વાર જંગલ કાપત ત્યાં ખલાસ થાત, અને માણસોને પાછું ગુફામાં રહેવા જવું પડત.

સાગનાં મોટાં મોટાં ઝાડો જોવાં હોય તો હિમાલય સુધી જવું પડે; પણ આપણે ત્યાં ગુજરાતમાં તો ગોધરા, લુણાવાડા કે દોહદ ગયા એટલે બસ છે. પાવાગઢ ઉપર પણ સાગનાં ઝાડ તો છે જ.

ગુજરાતના બાગમાં સાગ પણ છે; અને તે પણ તેની શોભા અને લાભ આપણને આપે છે.

ઘરમાં બેઠાં બેઠાં ઘરની વળીઓ અને મોભ સામે જોઈને સાગનાં વનને અને ઝાડોને સંભારજો અને કોઈ વાર હિમાલય સુધી જઈને સાગનાં મહાન જંગલ જોઈ પણ આવજો.

# પારસપીપળો

પારસપીપળા હેઠ જોગી રમે જૂગટે રે....માણારાજ.

આ એક લોકગીતની લીટી છે. તેમાં પારસપીપળો આવે છે. પારસપીપળો એટલે પારસીનો પીપળો કે એવું કાંઇ ન સમજતા. 'પારસ' એ પીપળાનું વિશેષણ નથી; 'પારસ-પીપળો' એવો આખો શબ્દ છે, અને જેમ પીપળો ઝાડ છે તેમ પારસપીપળો પણ એક ઝાડ છે.

આ પીપળાની જાતનું ઝાડ છે એ વાત ખરી, પણ બંનેમાં ઘણો તફાવત છે. મરાઠીમાં આને 'पारसपीपल' કહે છે. એ ઉપરથી 'પારસ-પીપળો' શબ્દ આવ્યો હશે. આપણે પીપળો કહીએ છીએ તેને 'બ્રહ્મપીપળો' કેટલાએક લોકો કહે છે. એ રીતે બ્રહ્મપીપળો અને પારસપીપળો એમ બે પીપળા થયા.

પીપળાનાં પાંદડાંની અણી પારસપીપળાની અણી કરતાં વધારે લાંબી છે. પીપળાનું પાન



કાંઈક પાતળું અને આકારે બે અંગૂઠા અને તર્જની આંગળીઓને જોડીને દેખાવ કરીએ તેવું છે; પણ પારસપીપળાનું પાંદડું પીપળાના પાંદડા કરતાં મોટું હોય છે અને એ પાંદડાં કંઈક અંશે કડિયાનાં પાંદડાંને મળતાં આવે છે.

પારસપીપળાનાં ફળો મીંઢળના જેવાં હોય છે. એની માળાઓ સાધુઓ પવિત્ર માને છે. ફળમાં કપાસિયા જેવાં પણ ગુચ્છા વગરનાં પાંચ બી હોય છે. એ ફળને 'પેપડા' કહેવામાં આવે છે, અને તે પેપડી જેવાં થાય છે. પાકેલાં ફળો બાળકો ખાય છે. કોઈ વાર તેમાં ઝીણાં જીવડાં પણ હોય છે.

પારસપીપળાને કપાસના ફૂલ જેવાં મોટાં ને પીળાં સુંદર ફૂલો આવે છે. આ ફૂલોથી પારસપીપળો ઘણો શોભી ઊઠે છે. એની છાયા-માં ઊભેલા ગોવાળો અને ગાયોનો દેખાવ મનો-હર લાગે છે.

ફૂલ ખરી જતાં લીલાં ફળ બેસે છે, અને પાછળથી તે કાળાં થઈ જાય છે. સૂકાં કાળાં ફળો પગે કચડાતાં અવાજ આવે છે.

મોટે ભાગે આ ઝાડ ડુંગરાળ પ્રદેશમાં થાય છે; છતાં તે દરિયાકાંઠે પણ જોવામાં આવે છે.

પીપળો, પીપર, પારસપીપળો – આ ઝાડો એક જાતનાં લાગે છે.

પારસપીપળામાંથી ઘણું દૂધ નીકળે છે, અને તે દવાના કામમાં આવે છે.

એમ તો પારસપીપળો ઉપયોગી ઝાડ છે; પણ પીપળા જેમ તે આપણા લોકોમાં પવિત્ર ઝાડ ગણાતું નથી; પણ એનો અર્થ એમ ન સમજવો કે તે અપવિત્ર ઝાડ છે.

તેનું હિંદી નામ 'गजदंड' છે.

અચ્છા, ત્યારે સલામ!

# અર્જુન

અર્જુન એટલે ભીમસેનનો ભાઈ નહિ: એ અર્જુન તો મનુષ્ય હતો અને આ અર્જુન તો વૃક્ષ છે.

આપણા કાઠિયાવાડ–ગુજરાતમાં મેં આ ઝાડ જોયું નથી. મેં એને પંચગનીમાં જોયું હતું. પંચગનીમાં કૃષ્ણા નદીની ખીણ ઉપર આવેલી કરાડ ઉપર ઊભેલા બંગલાના એક આંગણામાં તે છે.

એનું સંસ્કૃત નામ જ અર્જુન છે. બંગાળીમાં પણ એને અર્જુન કહે છે. મરાઠીમાં 'અર્જુન સાદરા' કહે છે. આ ઉપરથી આપણે લોકો તેને 'અર્જુન સાજડ' કહેતા હોઈશું.

આ ઝાડ ઠીક મોટું થાય છે. એની ખુબી તો એ છે કે એની ડાળો એવી રીતે હોય છે કે એ ઝાડ પોતે જાણે કે એક છત્રી હોય એવું દેખાય છે. એવી સુંદર રીતે એની ડાળો ગોઠવાયેલી હોય છે કે આપણને એમ થાય કે

કેટલાંક ઝાડોની ડાળો વાંકીચૂંકી થઈ ઊંચીનીચી જાય છે ત્યારે આ અર્જુનની ડાળો તો જાણે કે જાણીબૂઝીને છત્રી બનાવવા માટે જ નમતી અને ઝૂલતી ન હોય.

આ ઝાડ ઉપર મેં ફૂલો જોયાં ત્યારે મને થયું કે કુદરતે રાખેલી આ ફૂલદાની કેટલી બધી સુંદર અને મનોરમ છે! જેમ બિલાડીનો ટોપ નીચે દાંડાવાળો અને ઉપર ટોપીવાળો હોય છે તેમ આ ઝાડ પણ હોય છે; એટલે જ્યારે એના પર ફૂલો આવે છે ત્યારે આખું ઝાડ ફૂલ ફૂલ થઈ રહે છે. દૂરથી તો આ ઝાડ ફૂલોનું જ લાગે અને તેનાં ડાળી-પાંદડાં દેખાય નહિ. ઝાડ નીચે જઈએ ત્યારે તેની ડાળો છત્રિના સળિયા જેમ છેક નહિ પણ તેવી રીતે ગોઠવાયેલી દેખાય.

ફૂલો ધોળાં અને તેમાં જાંબલી છાંટવાળાં છે. તેમાં સુગંધ તો નામની છે; પણ આકારે અને દેખાવે તે સુંદર છે.

દક્ષિણ બાજુએ જાઓ ત્યારે આ ઝાડની તપાસ કરજો.

# ઇકડ

ઇકિડ વળી શું? એ તે જીવડું છે કે ઝાડ છે?

છે તો ઝાડ. ખોખરાના ડુંગરમાં એ જોવામાં આવ્યું હતું.

આ ઝાડ ડુંગરાળ લાગે છે. મેં તો જ્યારે એને જોયું ત્યારે મેં એનું નામ ધોળાં ફૂલનો બાવળિયો એવું પાડયું; પણ પછી ગામઠામાં રહેનારને બતાવ્યું ત્યારે તેણે કહ્યું કે એ તો ઇકિડનું ઝાડ છે.

ઇકિડનું ઝાડ ઘાટે અને દેખાવે પીળા ફૂલ-વાળા બાવળના ઝાડ જેવું છે. તેનું થડ લગભગ બાવળના ઝાડ જેવું છે.

મેં જોયું કે ઇકિડ ઝાડ કાંટાવાળું હોય છે. ઇકિડનાં ઝાડ ખરાબ એટલે કે હલકી જમીનને સારી કસદાર બનાવવા માટે ખેતરમાં વાવવામાં આવે છે. ઇકિડના ઝાડનાં મૂળિયાં જમીનને ઊંડેથી ખોદીને પોચી કરી નાખતાં હશે એમ

લાગે છે. ઇકિડને સંસ્કૃતમાં 'यनजयन्तिका' કહે છે, એ અંગ્રેજીમાં 'S. Acaleata' કહેવાય છે.

ઇકિડનાં ફૂલ બાવળને થાય છે એવાં જ ને એવડાં થાય છે; માત્ર તેનો રંગ ભૂખરો ધોળો હોય છે. સુગંધે તે ફૂલો બાવળનાં ફૂલોને મળતાં આવે છે.

ઇકિડ બે જાતની થાય છે: એક કાંટાળી અને બીજી લીસી.

મેં કાંટાળી જાત જોઈ છે.

# ગો ર ડ

"લેવો છે ગોરડનો ગુંદર, ગોરડનો ગુંદર, ગોરડનો ગુંદર," એવું વખતે તમે કયાંક સાંભળ્યું હશે.

ગોરડનાં ઝાડો ઉપર ગુંદર ખૂબ થાય છે.

ડુંગરી જમીનમાં અને ડુંગરા પર ગોરડનાં ઝાડો ઘણાં થાય છે.

ગોરડનું ઝાડ આકર્ષક નથી. ખેર તથા ખીજડાના ઝાડને આ ઝાડ મળતું આવે છે.

તેનો દેખાવ ઝાંખરા જેવો છે. તે ઝાડ કાંટાવાળું છે. ઘણા લોકો તેને ગોરડિયો બાવળ કહે છે.

શિહોરની કાંટમાં, શિહોરના ડુંગરોમાં તથા ખોખરાના ડુંગરોમાં આ ઝાડ ઘણાં થાય છે.

તેનાં ફૂલો રંગબેરંગી તથા લાંબાં શિંગ જેવાં થાય છે. ચોમાસે આ ફૂલોથી ગોરડનાં ઝાડો શોભી ઊઠે છે.

આ ફૂલોમાં ગુલાબી, જાંબલી, લાલ, પીળો, ધોળો એવા રંગો હોય છે.

ફૂલોમાંથી તેને ઝીણાં ઝીણાં ફળો બેસે છે. તેને 'તલ-બાજરડી' કહે છે. તે ફળો તલ કે બાજરા જેવડાં નાનાં હોય છે.

છાણાં વીણતી છોકરીઓ તથા ભેંસો ચારતા છોકરાઓ આ તલ-બાજરડી ખાય છે ને મજા કરે છે.

ગોરડનું લાકડું ખટકણું છે. તે બાળવાના કામમાં આવે છે.

# કડિયો

પેલો ચુનારોડાં વડે મકાનો ચણે છે તે કડિયા વિષે હું અહીં લખતો નથી; હું તો કડિયા નામના ઝાડ વિષે લખું છું.

આ કડિયો નામનું ઝાડ મેં કાઠિયાવાડના ખોખરાના ડુંગરોમાં આવેલા માળનાથ મહાદેવની આજુબાજુમાં જોયું.

કડિયાનું થડ એમ તો ઠીક જાડું છે. એ ઝાડનો દેખાવ વડ, પારસલીમડો કે એવા ઘટાદાર છત્રી જેવા ઝાડના જેવો છે. એના થડને અઢેલીને એની ઘટ છાયા નીચે ઊભા રહેવાની ગોવાળને મજા પડે. વરસાદ વરસતો હોય તો પણ તેની નીચે ઊભા રહેતાં બહુ પલળી ન જવાય.

કડિયાનાં પાંદડાં એ એની શોભા અને એની નવાઈ છે. પીપળાના કે આકડાના પાંદડાથી એનું પાંદડું મોટું છેજ. એનાં પાંદડાં એરંડા અને અળવીનાં મોટાં પાન જેવડાં થાય

છે. એક પાંદડું એક પાતળ જેવડું તો થાય જ છે. એનું નાનામાં નાનું પાન હથેલીથી મોટું કે એવડું તો હોય જ છે.

એને પાંચ અણીઓ હોય છે. પીપળાના પાનને એક અણી હોય છે. પાંચ અણીવાળું એ પાન પાંચ આંગળીવાળી હથેળી જેવું દેખાય છે. પાંચ દિવેટવાળી પંચશિખ આરતીના આકારનું આ પાંદડું છે. આ પાંદડું સુંદર દેખાય છે. અમે આ પાંદડાંને અમારી ફૂલદાનીમાં ભરીને મૂકયાં ત્યારે ફૂલદાની શોભી ઊઠી હતી.

રંગોળીના આકારો યોજવામાં આ પાનનો આકાર વાપરવા જેવો છે.

ગામડાના લોકો આ ઝાડનો ઉપયોગ જાણતા નથી; અને છતાં આ ઝાડ પોતાની ઘનઘટાથી, આરતી જેવા પાનથી, અને જાડા થડથી કુદરતની શોભા છે; અને એ જ એનો સુંદર ઉપયોગ નથી શું?

# દૂધલ્યો

આ ઝાડને ગામડાવાળા દૂધલ્યો કહે છે.

ઝાડનાં પાંદડાંમાં દૂધ હોય છે. તેને તોડીએ તો તેમાંથી ધોળું દૂધ નીકળે છે.

આ ઝાડનાં પાંદડાં કંઈક તગરને મળતાં આવે છે. તેનાં ફૂલ ધોળાં, પાંચ પાંદડીવાળાં અને જરા સુગંધી હોય છે.

લોકો કહે છે કે આ ઝાડનું લાકડું બહુ હળવું થાય છે. આપણે જે ભમરડા ફેરવીએ છીએ અને મહુવા (કાઠિયાવાડ)નાં જે હળવાં હળવાં રમકડાં બને છે તે આ ઝાડના લાકડામાંથી થાય છે.

આ ઝાડો ખોખરાના ડુંગરામાં જોવામાં આવ્યાં છે.

# ઠૂમરો

ઠૂમરાનું ઝાડ મેં એકાવન વર્ષે ખોખરાના ડુંગરામાં જોયું. આગળ હું એક વાર ખોખરાના ડુંગરમાં ગયેલો પણ તે વખતે મારી પાસે વનસ્પતિ જોવાની આંખ ન હતી.

મેં એક ભરવાડને પૂછ્યું, "અરે ભાઈ, આ ઝાડ કયું?"

તેણે જવાબ આપ્યો, "એને ઠૂમરો કહે છે.'

ઠૂમરાનું ઝાડ માણસપૂર ઊંચું થાય છે. ઘેરાવામાં તે કેરડાના ઘાટનું ગણાય. તેનાં પાંદડાં ઝીપટાનાં પાંદડાંને મળતાં ખરાં; પણ ઝીપટાનાં પાંદડાં જરા જાડાં અને કઠણ, અને ઠૂમરાનાં પાંદડાં કૂણાં અને નરમ.

ઠૂમરાના ઝાડ ઉપર ઠૂમરાં બેઠેલાં હતાં. ઠૂમરાં મોટે દાણે ગુજરાતની જાર જેવડાં અને જેવાં હતાં. એને વીણી વીણીને પછેડી ઉપર નાખ્યાં હોય તો દૂરથી એમ લાગે કે મોટી જારનો ઢગલો પડ્યો છે.



સમુદ્રની ખાડીમાં જ્યાં ખૂબ કાદવ હોય છે ત્યાં તે ઊગે છે. ભરતીના પાણીમાં તે ઝાડ ડૂબી જાય છે. ભરતી ઊતરી જતાં લોકો તેને કાપીને તેનું બળતણ શહેરમાં વેચે છે.

આ ઝાડ છસાત હાથ ઊંચાં થાય છે અને ફેલાવામાં બહુ હોય છે. એની ડાળીઓ કાદવમાં કે સમુદ્રમાં ડૂબેલી જ હોય છે. એકંદરે આ ઝાડ ખારા પાણીનું છે. અલબત્ત, એનો રોપો મીઠી જમીનમાં વાવીએ અને તેને મીઠું પાણી પાઈએ અને બહુ કાળજી લઈએ તો તે જીવે છે.

સંવત ૧૯૫૬ના દુકાળમાં તમરિયાંનાં પાંદડાં ઢોરોને ખવડાવવામાં આવ્યાં હતાં. તમરિયાંનાં પાંદડાં ઢોરના પાલા તરીકે વપરાય છે.

આર્યભિષકમાં તો એમ લખ્યું છે કે એનાં લાકડાં બાળવાથી એક જાતનો ક્ષાર ઉત્પન્ન થાય છે, અને તે ધોબી લોકો લૂગડાં ધોવા માટે વાપરી શકે છે. આ સંબંધી મને પોતાને માહિતી નથી; બાકીની માહિતી તો જાતમહેનત અને દર્શનથી લખી છે.

ભાવનગરની ખાડી કે કચ્છને કિનારે પહોંચતાં કચ્છની ખાડી કે એવી કોઈ ખાડી પાસે તમારૂં વહાણ કે હોડી પહોંચે ત્યારે આ ઝાડને યાદ રાખજો.

આ ઝાડ ઘણું વાંકુંચૂંકું અને કઢંગું છે. એનાં ઊંટની જેમ અઢારે વાંકાં હોય છે, તેમજ ઝાડનાં ડાળાં ચારે કોર ભુલભુલામણીના દેખાવ જેવાં વાંકાંચૂંકાં હોય છે.